# અધ્યાત્મ



વર્ષ : ૧૪ સપ્ટેમ્બર–૧૯૯૩ અંક : ૧૨

## * આધ્યાત્મિક વિકાસ *

આધ્યાત્મિક વિકાસ એ જ સર્વ કાંઇ છે. તેની ઇચ્છા રાખનારે અમુક બાબતો સારી પેઠે સમજી લેવાની જરૂર છે. પહેલાં તો તેણે નક્કી કરી લેવું જોઇએ કે ઈશ્વરની પ્રાપ્તિ એ જ જીવનનું ધ્યેય છે ને તે મેળવવામાં જ પુરુષાર્થ, માનવતા, સર્વ કાંઇ છે. વસ્તુતઃ સૌ કોઇ પરમ શાંતિ, આનંદ ને સુખનું સ્વરૂપ છે. તે અનુભવવું ને સાક્ષાત સચ્ચિદાનંદ બની જવું એ આપાણું ધ્યેય હોવું જોઇએ. વસ્તુતઃ દરેક મુક્ત છે એટલે શોક, મોહ, લોભ, વાસનાઓ, વગેરેથી સાચેસાચ મુક્ત થઇ જવું એ દરેકનું લક્ષ હોવું જોઇએ. આપણા સર્વ પ્રયત્નો એ મહાન ને ઉદાત્ત ધ્યેયની દિશામાં જ થવા જોઇએ. જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ આપણે પ્રેમને અનુભવવામાં, શાંતિને ભોગવવામાં અને આનંદમાં એક થવામાં કરવો જોઇએ. જેટલા પ્રમાણમાં આપણે પોતે પ્રેમ, શાંતિ ને આનંદ અનુભવતા જઇશું તેટલા જ પ્રમાણમાં આપણે પરમાત્માની પાસે ને પાસે પહોંચતા જઇશું એ નક્કી.

માણસ આટલું જ સમજી જાય તો? પરંતુ અત્યારનો માણસ વાસનાનો એવો તો દાસ થયેલો છે કે તે આનંદને ભોગવી શકતો જ નથી. તેને માટે પ્રેમ એ આકાશ પુષ્પ જેવી વસ્તુ થઇ પડી છે, કેમકે તેનું જીવન ઝેર જેવા દ્વેષથી ભરેલું છે. તેને માટે સુખ ને શાંતિ બધું જ દુર્લભ થઇ ગયું છે કેમકે તેને સુખ ને શાંતિની સાચી દિશાની ખબર નથી. માણસ આજે પોતાનો જ ગુલામ થઇ ગયો છે. સ્વાદનો ગુલામ, વિષયનો ગુલામ, રાગદ્વેષનો ગુલામ—આ ગુલામી કાંઇ નાનીસુની નથી.

યોગેશ્વરજી

# અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક
છૂટક નકલ ૨–૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂ. ૧૫-૦૦
વિદેશમાં રૂ. ૧૨૫-૦૦ (વિમાનથી)

- **સંસ્થાપક** પ. પૂ. યોગેશ્વરજી સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટ (રજી. અમદાવાદ).
- **તંત્રી-સંપાદક** શ્રી નારાયણ હ. જાની.
- **સહસંપાદકો** શ્રી નાનુરામ દુધરેજીયા, શ્રી મણિભાઇ સી. શાહ.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** 'અધ્યાત્મ' પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદાર નગર, ભાવનગર-૧
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** નારાયણ હ. જાની. ફોન ૨૫૮૧૧
- **મુદ્રણસ્થાન** રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, ૫૩/૫૪ સી, બોરડીગેટ, ભાવનગર–૧

### લેખકોને નિમંત્રણ

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે. બીજાં સામયિકોમાં પ્રસિદ્ધ થયેલ લેખોની નકલો ન મોકલાવવા વિનંતી છે.

### 'અધ્યાત્મ' અંગે સૂચનો

- **ગ્રાહકોને** ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- 'અધ્યાત્મ' જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- 'અધ્યાત્મ' દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઇ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી આપશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- 'અધ્યાત્મ' અંગે કોઇ સૂચનો કરવાના હોય તો નિઃસંકોચ કરવા અનુરોધ છે.
- દર મહિનાની તા. ૧૫ સુધીમાં જે ગ્રાહકોનાં નામ અત્રે મળી જશે, તેમને તા. ૧૭ મી એ અંક રવાના કરવામાં આવશે.

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| શ્રી યોગેશ્વર કથામૃત | મા સર્વેશ્વરી | ૪ |
| કબીર સુધા | પરમાર્થી | ૧૩ |
| પ્રભુના પાર્ષદ | ગોરધનભાઇ કલોલા (કલ્યાણ) | ૨૦ |
| પાલવ પ્રસારી લે | તાકામભાબુ કચ્છી | ૩૭ |
| ૐ નમઃ શિવાય | પ્રો. ડો. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ) | ૩૮ |
| ભૂલ લાગે છે | ડો. રણજિત પટેલ (અનામી) | ૩૯ |
| યોગ શું છે? | યોગાચાર્ય શ્રી દુષ્યંતભાઇ મોદી | ૪૦ |
| મા શ્રી શારદા દેવી | સ્વામી શ્રી ગંભીરાનંદ | ૪૫ |
| પ. પૂ. યોગેશ્વરજીના જન્મદિનની ઉજવણી | તંત્રી | ૪૮ |
| સફળતાનું રહસ્ય | કમલ સુથાર | ૫૨ |
| પ્રેરક પ્રસંગો | ઝિઝુવાડીયા કનૈયાલાલ | ૫૫ |
| મૌનનો મહિમા | મા સર્વેશ્વરી | ૬૦ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૩ |


**ક્ષમાયાચના**

અધ્યાત્મના ઓગસ્ટ–'૯૩ ના અંકમાં પૃષ્ઠો પ્રિન્ટરની ભૂલથી ખોટી રીતે છપાયા હોવાથી અને બાઇન્ડીંગ વખતે પણ નજરે ચડેલ નહિ હોવાથી વાચકોને તકલીફ પડી હશે તે સ્વાભાવિક છે. જો કે દરેક અંકમાં પાનાં પૂરેપૂરાં છે. એટલે પાનાનાં ક્રમપ્રમાણે જોઇને તે વાંચવા વિનંતિ છે. આ ક્ષતિ બદલ અમે વાંચકોની ક્ષમા માંગીએ છીએ.

–તંત્રી, અધ્યાત્મ

## * હાર્દિક અભિનંદન *

પ્રભુની કૃપાનો મહિમા અપાર છે. જે પંગુને પર્વત ઓળંગાવે, મૂંગાને બોલતો કરે, તે શું અધ્યાત્મ જેવા નાનકડા માસિકને કોઇ પણ પ્રકારની આર્થિક મુશ્કેલી પડવા દે ખરો? એ શું અદ્‌ભુત વાત નથી? પ્રભુ પ્રત્યક્ષરૂપે તો કોઇ અનિવાર્ય વિરલ સંજોગોમાં જ પ્રકટ થઇ, ભક્તોની વહારે ધાય છે, બાકી તો તે કોઇ ને કોઇના દિલમાં પ્રેરણા ધરીને સત્કર્મ માટે પ્રેરણા કરતો રહે છે. તેઓને નિમિત્ત બનવાનું સૌભાગ્ય બક્ષે છે. એવું જ કંઇક સૌભાગ્ય અમારા અધ્યાત્મના અમેરિકાના વાંચક અને સાધકવર્ગને મા–પ્રભુએ ધર્યું છે–સપ્ટેમ્બર ૧૯૯૩ ના અધ્યાત્મના પ્રકાશનનો ખર્ચ આપીને. તેઓ સહુને હાર્દિક અભિનંદન ઘટે છે.

– તંત્રી (અધ્યાત્મ)

# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

—મા સર્વેશ્વરી

વર્ષ : ૧૪ સપ્ટેમ્બર–૧૯૯૩ અંક : ૧૨


## શ્રી યોગેશ્વર કથામૃત

મા સર્વેશ્વરી

**તા. ૨૩–૨–૮૧, સોમવાર, મહા વદ ચોથ, ૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

સવારે નિત્યકર્મથી મુક્ત થઇ સાડા અગિયારે મુલાકાત શરૂ થઇ.

ગઇકાલે સર્વેશ્વરીએ પૂ. શ્રીને કહ્યું : હું ભજનો ગવડાવું છું તો લોકો ઝીલતા નથી, તો મને ગાવામાં આનંદ નથી આવતો, માટે મારે નથી ગાવું. પૂ. શ્રીએ ખૂબ સરસ કહ્યું, "જુઓ આપણે લોકો ઝીલે તે માટે નથી ગાતાં. આપણને ગાવામાં આનંદ આવે છે, માટે ગાઇએ છીએ. સૌ પ્રથમ આત્માનંદ જ મહત્ત્વનો છે. આત્માના આનંદ માટે જ આપણી દરેક પ્રવૃત્તિ હોવી જોઇએ.

કેટલું સરસ માર્ગદર્શન મળ્યું ! સાચે જ લોકો તાલી પાડે કે



પ્રસંશા કરે ન કરે એ સાધકને માટે મહત્ત્વનું નથી. આજે પ્રશ્નોત્તર સમયે પૂ. શ્રી સર્વેશ્વરીનો પરિચય આપે છે.

**પ્રશ્ન :** સંતપુરુષ આશીર્વાદ આપે તો તે આશીર્વાદ આ જન્મે જ ફળે?

**પૂ. શ્રી :** એ તો પ્રારબ્ધકર્મ ને પ્રયત્ન પર આધાર રાખે છે. તમે એમ જ માનો કે આ જન્મે જ આશીર્વાદ ફળશે. એવો જ સંકલ્પ કરો કે આ જન્મે જ ફળે.

**પ્રશ્ન :** જન્મોજન્મ એક જ ગુરુ મળે?

**પૂ. શ્રી :** સંસ્કારો પૂરા થાય તો સંબંધ પૂરો થાય. ગમે તેવા સિદ્ધ પુરુષ ગુરુ હોય પણ તમને શ્રદ્ધા ન હોય, ભક્તિ ન હોય અથવા કાચી હોય તો એ સંબંધ પૂરા થાય.

પ્રશ્નોત્તર બાદ સૌ વિદાય થાય છે. પૂ. શ્રીએ આજે એક વાતના અનુસંધાનમાં કહ્યું : માણસમાં જે શુભ છે તેને જ પ્રસંશા કરી કરીને બહાર લાવો. જેથી અશુભ તત્ત્વો છે તેને માટે એ માણસ પસ્તાવો કરશે. નફરત કરવાથી તે વધુને વધુ બગડે છે. ટીકાખોર અને નિંદાપ્રિય વ્યક્તિના શુભ તત્ત્વોને બહાર લાવી પૂ. શ્રી પરિવર્તન કરી રહ્યા છે. એ પ્રત્યક્ષ જોવાનો અનુભવ ધ્યાનમાં થતાં, દિવ્ય અનુભવ કરતાં શ્રેષ્ઠ છે.

આજે સાંજે રાષ્ટ્રીયશાળાના સંચાલક ભાઇ શ્રી પુરુષોત્તમ-ભાઇ ગાંધીએ પોતાની અંગત મૂંઝવણ પૂ. શ્રી આગળ રજૂ કરી. રાષ્ટ્રીયશાળામાં જ એક સુંદર નાનકડો ખંડ જેમાં તેઓ અમુક સંખ્યાના મંત્રજાપ કરે. એમના માર્ગદર્શક તરીકે શ્રી રણછોડદાસ મહારાજનું મોટું ચિત્ર, એ રૂમમાં છે. ગાંધીજીને ભેટ મળેલી સુખડની માળાથી શ્રી પુરુષોત્તમભાઇ મંત્રજાપ કરે છે. તે માળા

પણ અમને બતાવી. તે માળાને પુરુષોત્તમભાઇ પ્રસાદી તરીકે ઉપયોગ કરે છે.

પૂ. શ્રી ઉપર એમની અનન્ય શ્રદ્ધા છે. જેથી એમની અંગત મૂંઝવણ કાર્યક્ષેત્રની રજૂ કરે છે. પૂ. શ્રી સ્પષ્ટ પ્રેરણાને હિંમત આપે છે. પરમશક્તિના આદેશની પણ તેમને સૂચના સાથે સમજ આપે છે. તેમને સંતોષ, નવી હિંમત ને પ્રેરણા મળે છે.

આજના પ્રવચનમાં કર્મયોગની ચર્ચા કરતાં આગળ પ્રવાહ ચાલે છે, સાંજે અલ્પાહાર બાદ પૂ. શ્રી ગઇકાલથી શ્રી શાંતિભાઇ તથા એમના પૂત્ર વિજયને ધ્યાનમાં બેસવાની રજા આપે છે. જેથી પૂ. શ્રીની હાજરીમાં સૌ ધ્યાનમાં બેસે છે. બરાબર ૧૦ વાગ્યે ધ્યાનની બેઠક પૂરી કરી પિતાપુત્ર વિદાય લે છે.

**તા. ૨૪–૨–૮૧, મંગળવાર, મહા વદ પાંચમ,**
**૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

સવારે સર્વેશ્વરી એક ગીત લખે છે. પૂ. શ્રી તેને સુધારતાં થોડી નારાજગી બતાવે છે, કારણ પૂ. શ્રી પોતાના લેખન બાદ થોડો આરામ ઇચ્છે છે. છતાં દશેક મિનિટ પોતાનો સમય બગાડી એ કૃતિ સુધારી આપે છે. મુલાકાતનો સમય થતાં પૂ. શ્રી બહાર બેઠા છે. પ્રશ્નોત્તરી શરૂ થાય છે. શ્રાદ્ધની ક્રિયાની વિસ્તૃત ચર્ચા થાય છે.

સાંજે પ્રવચનમાં કર્મયોગના કર્મ, કાર્ય ને કર્મની ચર્ચા થઇ. પ્રવચન પછી પૂ. શ્રી સાથે રાષ્ટ્રીયશાળાના વ્યવસ્થાપક ભાઇ શ્રી પુરુષોત્તમભાઇ ગાંધી થોડી વાતો કરે છે, જેમાં એમના ગુરુદેવ શ્રી રણછોડદાસજી મહારાજની કૃપાના પ્રસંગો વર્ણવે છે. (૧) મુંઝવણમાં રાત્રે સ્પષ્ટ અવાજ આવે છે. (૨) ગુરુપૂર્ણિમાના પ્રણામપત્રમાં માંદગીની વાત–આશીર્વાદ.



ગુરુકૃપાની વાતોથી આનંદ થાય છે. રાજકોટનો આ નવો ઉતારો જેનું નામ યોગેશ્વર છે, ત્યાં શાંતિથી દિવસો પસાર થાય છે.

**તા. ૨૫–૨–૮૧, બુધવાર, મહા વદ છઠ,**
**૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

દરરોજની જેમ આજે પણ પૂ. શ્રી સાડા અગિયારે બહાર આવી જાય છે. આ ઘરના માળ ઉપર વચલા ખંડમાં મુલાકાત શરુ થાય છે.

સૌ ભક્તો ઉપર દર્શન માટે આવે તે પહેલાં પૂ. શ્રી ખુરશી ઉપર બેસે છે. પાસે જ સર્વેશ્વરી નીચે અલગ આસન પર બેસે છે.

શ્રી જોશીપુરાભાઇએ સર્વેશ્વરીએ ગઇકાલે ગાયેલા ભજનની કેસેટની માંગણી કરી. પૂ. શ્રી તેમને કેસેટ પહોંચાડવાની વાતો કરે છે. વળી પૂ. શ્રી પોતે પોતાની કૃતિ ગાઇ સંભળાવે છે.

"જિન્દગી મળી, જિન્દગી મળી." અને
અમારા જીવનમાં મળો એવી રીતે,
ચંદનમાં જેમ પાણી મળે.
અમારા જીવનમાં ભળો એવી રીતે.
ફૂલ મહીં ફોરમ ભળે.

ગીતોથી પ્રભુની પાસે ભક્તો પહોંચ્યા છે. ગીત જ સાધના. નરસિંહ, મીરાં વગેરેનું આત્મનિવેદન, પ્રાર્થના, ધ્યાન એ જ બધું ગીતમાં આવી જતું.

ધૂન ભજનમાં આનંદ આવે. આનંદ ચોખ્ખો ને સાત્ત્વિક જરૂરી છે. ચોરીના આનંદ જેવો નહીં. આત્માને આનંદ આપે એવો આનંદ. આત્મામાંથી આનંદ મળ્યા કરે. એ આનંદ માટે

બીજા પર નિર્ભર ન રહેવું પડે. એ આનંદ ધ્યાનથી, પ્રાર્થનાથી, જીવનની શુદ્ધિથી મળે. તે આનંદ ટકી શકે.

**અજય :** અમને જે જે ઇચ્છા થાય તે પ્રભુની છે એવી ખબર કયી રીતે પડે?

**પૂ. શ્રી :** તમે વિચારો કે મારી જે ઇચ્છા છે તે યોગ્ય છે? (ધર્મ નીતિની મર્યાદામાં રહીને થનારી ઇચ્છા તે પ્રભુની ગણાય.)

અંતરાત્મા જ તમને એનો જવાબ આપશે. મહાભારતમાં કહ્યું કે પોતાને પ્રતિકૂળ એવી વાતો છે તે બીજાને માટે પણ અનુકૂળ નથી. કોઇની નિંદા કરવાની ઇચ્છા થઇ તો પૂછો : મારી કોઇ નિંદા કરે તો ગમે? ના, તો પછી એ નિંદાની ઇચ્છા તે શેતાનની ઇચ્છા છે, પ્રભુની નથી. આપણી દરેક ઇચ્છાને ધર્મ ને નીતિના માપદંડથી માપો. કયી ઇચ્છા સારી ને કયી (ઇચ્છા) ખરાબ તે જાણવા શાંતિથી એક જગ્યાએ બેસી જાઓ, તો તમને માર્ગદર્શન મળશે.

તમને હમણાં કેવી ઇચ્છા થાય છે? શીખંડ ખાવાની? ના. ખાવાની ઇચ્છા હોય તો પેટ સારું હોય તો ખાઓ. હમણાં તો તમારે ભણવાનું. તમારે વિચારવાનું ફર્સ્ટ ક્લાસ ફર્સ્ટ લાવવાનો. લગ્નનો વિચાર થાય છે? ના. તો તમે અપરિણીત રહીને દેશની સેવા કરી શકશો. સ્વૈચ્છિક સંકલ્પ કરો કે લગ્ન કરવાં નથી. તો સારું. લગ્નજીવનમાં ૨૦% જ સુખ છે. ૮૦% દુઃખ જ છે. પૂછી જુઓ તમારી આગળપાછળ બેઠા છે તેમને. માણસ ૨૦% સુખ મેળવવા ૮૦% દુઃખ ભોગવવાનું ખતપત્ર લખી આપે છે. અને લગ્ન કરવાં જ હોય તો સારું ભણો, સારું કમાઓ. પછી વિચારો. લગ્નજીવનમાં અમુક વરસ પછી બ્રહ્મચર્યનો નિયમ લો.



**એક બેનનો પ્રશ્ન :** એક સૈનિક ઘણાંને મારે છે તો તેને કેવું કર્મફળ મળે?

**પૂ. શ્રી :** એ તો પ્રભુ જાણે. કદાચ બધાએ ભેગા મળીને આને માર્યો હોય અને અહીં કર્તવ્ય પણ ગણાય. દુશ્મનોને મારવાનું કર્તવ્ય પણ પ્રભુ ગણતા હોય.

એક પુત્ર પોતાના પિતાને પૈસા માટે મારે તો ત્યાં સ્વાર્થ છે. એનું ફળ ને સૈનિકને મળતું ફળ અલગ અલગ હોઇ શકે. ખૂબ ડાહ્યા માનવોની કમિટિ હશે, જેથી ચોક્કસ કર્મફળ મળતાં હશે.

**પ્રશ્ન :** ધ્યાન ને પૂજા સમયે દર્શન થાય તે સાકારમાં જોઇ શકાય?

**પૂ. શ્રી :** થઇ શકે. પ્રત્યક્ષ પરિચય થઇ શકે. જેનું દર્શન થયું હોય તેની ઇચ્છા ને પ્રભુની પણ ઇચ્છા હોય તો મળી શકાય. સાકારરૂપે પ્રત્યક્ષ મળી શકાય.

**એક બેન :** જે સંતનું દર્શન થાય તેને મળવા જવું જોઇએ?

**પૂ. શ્રી :** તમે જાણતા હોવ તો મળવા જાઓ. પણ બધા સંતોને મળવા જવાનો શો અર્થ છે? બધા સંતો જેની પાછળ પડયા છે, સાચા સંતો તે પાવરહાઉસને મેળવવા પ્રયત્ન કરો એમાં એવા સંતોની મદદ લો.

**એક બેન :** અંતકાળે જેવી ઇચ્છા હોય તેવી ગતિ થાય, પણ માનવ બેભાન હોય તો કયી ઇચ્છા અંતિમ ગણવી?

**પૂ. શ્રી :** અંતકાળે જેવી ઇચ્છા થાય તેવી ગતિ થાય તેવું કહેવાય છે, માનવ બેભાન હોય છતાં ઇચ્છા તો એની હોય છે પણ તે સક્રિય નથી. નિષ્ક્રિયરૂપે પણ ઇચ્છા તો હોય જ છે. જેમ કબાટમાં બધી વસ્તુ છે તેને બહારથી બંધ કરો એથી કબાટમાં

વસ્તુ નથી એમ માની શકાય? ના. તો એ રીતે માનવ બેભાન બને ત્યારે તેની ઇચ્છાઓ નથી રહેતી એવું થોડું છે?

આટલી પ્રશ્નોત્તરી પૂરી થયા બાદ કાર્યક્રમ પૂરો થાય છે. મુલાકાત બાદ પંચનાથ મહાદેવના સંચાલક પૂ. શ્રીને પ્રવચન માટે આમંત્રણની વાતો કરે છે.

ત્યારબાદ ભોજન–આરામ–લેખન–પ્રવચનમાં જવાનું થયું. આજે પ્રવચન બાદ શ્રી પુરુષોત્તમભાઇને સર્વેશ્વરીના વાર્તાલાપની ટેપ આપવામાં આવી છે. આજે ગાંધીજીની વાતો સાંભળવા સર્વેશ્વરી દોઢ કલાક તેમની સાથે ગાળે છે.

**તા. ૨૬–૨–૮૧, ગુરુવાર, મહા વદ સાતમ, ૨૦૩૭, સ્થળ : રાજકોટ.**

બરાબર સવારે સાડા અગિયારે પૂ. શ્રી બહાર આવી જાય છે. એક મલાયાથી આવનાર ભાઇ પોતાના ઘરના પ્રશ્નો પૂ. શ્રી આગળ રજૂ કરવા પ્રયત્ન કરે છે. તેમને પૂ. શ્રી સ્પષ્ટ કરે છે.

**પૂ. શ્રી :** સંસારના પ્રશ્નો માટે જોશીને પૂછો, મનની શાંતિ નથી, તો સૌથી શ્રેષ્ઠ ઇલાજ છે પ્રભુની પ્રાર્થના. હરિઃ ૐ મંત્રની દસ માળા સવાર સાંજ કરવી. દર સોમવારે અભિષેક અથવા શિવમહિમ્નના પાઠ કરવા, જેથી તમને જે અશાંતિ છે, તેમાં થોડી શાંતિ રહેશે.

તમારા ઘરમાં કૂતરું તાણે ગામ ભણી, શિયાળ તાણે સીમ ભણી જેવું છે. છોકરાઓ પણ બરાબર નથી. સાચી વાત છે?

હા, સો ટકા સાચી વાત છે.

તો જુઓ, ગઇકાલે તમે સર્વેશ્વરીના અનુભવો સાંભળ્યા ને આજે તમે પોતે અનુભવો છો. પરદેશમાં રહેતા કોણ કેવા છે તે સંતો જોઇ શકે છે.



આ વાત ચાલતી હતી ત્યાં યોગદા સેન્ટરના એક ભાઇ પૂ. શ્રીને મળવા આવે છે. પૂ. શ્રી પોતાના અનુવાદ પુસ્તકની વાત કરે છે. સ્વામી યોગાનંદના 'ધ સેઇંગ્ઝ ઓફ યોગાનંદ' પુસ્તકની વાતો ચાલી રહી છે. યહુદીને આવેલા સ્વપ્નદર્શનની વાત, યોગાનંદની હાજરીમાં કેરી થતી, હવે નથી થતી એ આંબાની વાત–એ બંને વાતોમાંથી લોસએંજેલેસ શહેરના યોગાનંદના આશ્રમની માહિતી મળે છે.

પૂ. શ્રીએ અનુવાદ કરેલા પુસ્તકની વાત પૂ. શ્રી તે ભાઇને કરતાં કહે છે : તમે એ પ્રકાશિત કરી શકો તો, જે નફો થાય તે તમારી સંસ્થાને જ મળે, જેથી ભવિષ્યમાં પુસ્તક પ્રકાશનમાં તે રકમ વપરાય.

વાતચીત બાદ સૌ વિદાય થાય છે. ચાર કોલેજની વિદ્યાર્થીનીઓ પૂ. શ્રી ઉપર ખૂબ શ્રદ્ધાભાવ રાખે છે. પૂ. શ્રી માટે તેઓ દરરોજ ફળો લાવે છે. પૂ. શ્રી તેની ના પાડે છે.

બપોરે ભોજનમાં આજે પૂ. શ્રી દૂધ, રોટલી, ભજીયાં ને થોડો શીખંડ લે છે. બપોરે આરામ કરતાં પહેલાં શ્રીહરિ સાથે વાતો કરી લે છે. વળી વડોદરા ફોનથી વાતો કરે છે. જેમાં સર્વેશ્વરીના ભજનોના પુસ્તકોની વાતો થાય છે.

આરામ બાદ પૂ. શ્રી સર્વેશ્વરીને નારદભક્તિ સૂત્રના... નંબરોની સમજ આપે છે. હાલ એ પુસ્તકનું જ્ઞાન પૂ. શ્રી, સર્વેશ્વરીની ઇચ્છાથી આપે છે. ખૂબ સરળતાથી સમજાવે છે, વળી નારદભક્તિસૂત્ર સમજવા પોતાનું 'પ્રેમભક્તિની પગદંડી' પુસ્તક વાંચવાની પણ સૂચના આપે છે. સંસ્કૃતના શુદ્ધ ઉચ્ચારો સાથે સમજ આપે છે.

સાંજે પ્રવચનમાં જવાનું થાય છે. આજકાલ આ ઘરની દીકરી રેખા–જે કોલેજમાં ભણે છે તેની પાસે પૂ. શ્રી અંગ્રેજીમાં વાક્યના ભાષાંતરનું કામ દસ મિનિટ પહેલાં નીચે ઉતરે છે ત્યારે ઘરમાંથી નીકળી ગાડીમાં બેસે છે ત્યાં સુધીમાં સોંપે છે, સમજાવે છે, ભૂલો સુધારે છે. પૂ. શ્રી કહે છે : દરરોજ અંગ્રેજીમાં આ રીતે થોડું થોડું બોલતાં શીખો તો આવડી જાય. અંગ્રેજી કાંઈ અઘરું નથી, પણ ભણો તો આવડે.

પ્રવચન સ્થળે પૂ. શ્રી ખૂબ જ સમયસર પહોંચી જાય છે. કર્મના ફળની આશા ઉપર બે ખૂબ સુંદર દૃષ્ટાંત આપે છે. પ્રવચન બાદ શ્રી ઉપેન્દ્ર પંડયા પૂ. શ્રીને મળે છે. ત્યારબાદ શ્રી પુરુષોત્તમભાઈ ગાંધી સાથે વાતો કરે છે. પગથિયાં ઉતરતાં ઉતરતાં પૂ. શ્રી સર્વેશ્વરીની વાત કરે છે. સંતની સાથે રહેવા આવ્યાં તો કેવા નિયમો પાળવાના રહે છે. તેની વાતો કરે છે.

પ્રવચન સ્થળેથી ઉતારા પર આવી આજે ગુરુવાર હોવાથી દૂધ, આઈસ્ક્રીમ લે છે.

ત્યારબાદ ૯:૧૫ થી ૧૦:૦૦ સુધી ધ્યાનમાં બેસે છે જેમાં પૂ. શ્રી પલંગ ઉપર બેઠા છે. પલંગની સામે નીચે શ્રી શાંતિભાઈ ને વિજય (તેમનો પુત્ર) બેઠા છે. સામે પલંગ છે તેના ઉપર સર્વેશ્વરી બેઠાં છે.

ધ્યાનબાદ રામકૃષ્ણદેવની સ્તુતિ બોલી પિતા–પુત્ર વિદાય થાય છે. પૂ. શ્રી લગભગ ૧૦:૧૫ બાદ આરામ કરે છે. ત્યારબાદ, સર્વેશ્વરી આજની નોંધ લખી આરામ કરે છે. હરિઃ ૐ

( ક્રમશઃ )



# કબીર સુધા

પરમાર્થી

નિર્ગુણ, નિરાકાર, નિરંજન દેવ પાસે પહોંચવા માટે સાધકે સૌ પ્રથમ સગુણ બનવું આવશ્યક છે. સગુણ એટલે ગુણવાન્. ગુણથી અતીત થવાનો ઉપદેશ તો ઘણી ઊંચી અવસ્થા પર પહોંચ્યા પછી આપવામાં આવે છે. ત્યાં સુધી તો સાધકે સદ્‌ગુણો કેળવવા અને કામક્રોધાદિ દુર્ગુણોનો પરિહાર કરવા અત્યંત મથવું પડતું હોય છે. તેમાં જેમ જેમ સાધક સફળ થતો જાય છે તેમ તેમ તે સત્ત્વગુણમાં સ્થિર બનતો જાય છે. એકાદ ગુણથી કદી પણ કોઈની ઉન્નતિ થઈ શકી નથી. પરદેશ પહોંચવા માટે જેમ નાણાની મોટી રકમ આવશ્યક મનાય છે તેમ પરમાત્મા સુધી પહોંચવા માટે ગુણોની સમૃદ્ધિ પ્રાપ્ત કરવી અત્યંત જરૂરી ગણાય છે. પ્રેમ, દયા, ક્ષમા, સંતોષ, સહિષ્ણુતા, ધૈર્ય આદિ સદ્‌ગુણો વિના સાધકની શ્રેયયાત્રા પૂર્ણ થઈ શકતી નથી. તેથી આધ્યાત્મિક ક્ષેત્રે મનુષ્યે કેળવેલા ગુણોનું તો ખૂબ જ મહત્ત્વ છે. તેનાથી જ તેની કિંમત પણ અંકાતી હોય છે. કબીર સાહેબ કહે છે–

માનુષ તેરા ગુણ બડા, માંસ ન આવે કાજ,
હાડ ન હોતે આભરણ, ત્વચા ન બાજન બાજ.

અર્થાત્ હે મનુષ્ય, તારું ગૌરવ તો ગુણોની વૃદ્ધિમાં છે, નહિ કે હાડકાં કે માંસની વૃદ્ધિમાં! નથી તારું માંસ ખરેખર તો કોઈને ઉપયોગમાં આવતું કે નથી તારા હાડકાનાં ઘરણાંઓ બનાવી શકાતાં! અરે, તારી ચામડીનાં ઢોલવાજાં પણ થઈ શકતાં નથી!

અર્થાત્ કોઈની શરીરની મર્યાદા ઢાંકવામાં પણ એ મદદરૂપ થતી નથી.

ઇ. સ. ૧૯૮૧ માં મારે પૂજ્ય યોગેશ્વરજી સાથે અમેરિકાના લોસએન્જલીસ શહેરમાં પોણા બે મહિના સુધી સાથે રહેવાનું બનેલું. અલોહા મોટેલમાં અમે રહેતા. સાંજે તેના કમ્પાઉન્ડમાં અરધો કલાક દરરોજ આંટાઓ મારતા. પગે ચાલવાની તે દ્વારા કસરત થતી. તે દરમ્યાન પૂજ્ય શ્રી સાથે થયેલી ચર્ચા મારા જીવનની મહામૂલ્યવાન્ મૂડી છે. એક દિવસ ચિ. ભારતીના બાબાનું ઓપરેશન હતું. ચિ. ભારતી અમારાથી કંઇ નહીં તો બે હજાર માઇલ દૂર હશે. પૂ. મા સર્વેશ્વરીથી સ્વાભાવિકપણે બોલાઇ ગયું કે ઓપરેશન સફળ થયું હશે કે નહીં? શું થશે બાબાનું? પૂજ્યશ્રીએ તરત જ જવાબ આપ્યો હતો કે તે તો ભાનમાં આવી ગયો છે અને રમતો પણ થઇ ગયો છે. ત્યાર પછી લગભગ અરધા કલાકે ચિ. ભારતીનો ફ્રોન આવ્યો હતો અને પૂજ્યશ્રીએ કહેલી વાણી સાચી પડી હતી. તે દિવસે મારા મનમાં કર્મનો સિદ્ધાંત રમ્યા કરતો હતો. તેથી સાંજે આંટા મારતા મારતા પૂજ્યશ્રી સાથે મેં તે અંગે અનેક પ્રશ્નો પૂછી ચર્ચા કરી હતી. ચર્ચાને અંતે આધ્યાત્મિક ઉન્નતિ સાધવા માટે તેમણે આપેલું માર્ગદર્શન અત્રે યાદ આવે છે. "ભોગ અંતઃકરણ બગાડે છે, જ્યારે યોગ અંતઃકરણ સુધારે છે. ભોગ ભોગવતાં ભોગવતાં લાલસા જન્મે છે અને અનેક અનર્થો તરફ જીવને ઘસડી જાય છે. કામક્રોધાદિ દુર્ગુણો, ચોરી હિંસાદિ દુષ્કર્મો, કપટ, વેર, અવિશ્વાસ, સ્પર્ધા કે વ્યસનો જેવી કુટેવો કલ્યાણની ઇચ્છા સામે મોટી ભીંત ચણી દે છે. એવો અવરોધ ઉભો કરે છે કે તે પાર



કરતા સાધકને કંઠે પ્રાણ આવી જાય છે! જ્યારે યોગની ઇચ્છામાંથી પરમાત્માના મિલનની ઝંખના ઉદ્ભવે છે ને તે જીવને સાધના તરફ દોરી જાય છે. સાધના દુર્ગુણોને હટાવી સદ્ગુણોની વૃદ્ધિ માટે કરવી અત્યંત જરૂરી બની જાય છે. તે દ્વારા અંતઃકરણ શુદ્ધ બનતું જાય છે. શુદ્ધ અંતઃકરણમાં જ પરમાત્માનાં દર્શન શક્ય બને છે. તેથી ભોગને બદલે યોગ તરફની પ્રવૃત્તિ કલ્યાણને પંથે સાધકને સફળતા અપાવનારી થઇ પડે છે. કબીર સાહેબે પણ અહીં એવા જ હેતુથી સદ્ગુણોની વૃદ્ધિ માટે આગ્રહ રાખ્યો છે.

પરંતુ મનમાં ભૂખ ન જાગે ત્યાં સુધી સદ્ગુણોની વૃદ્ધિ એકદમ થઇ જતી નથી. સૌ પ્રથમ તો મનને તૈયાર કરવું જોઇએ. મનમાં ભૂખ જગાડવી જોઇએ. તે માટે તો વ્યક્તિએ પોતે સાધક બનવું પડશે. કારણ કે મન સ્વભાવે ચંચળ છે. કઠીનાઇને તે કદી પસંદ નહીં કરશે. તેને તો વગર મહેનતે મળે તે પ્રિય લાગે છે. તેથી વૈભવ વિલાસને તે પ્રથમ પસંદગી આપશે. પદાર્થ વિષયોની મોહિની તેને ખૂબ મીઠી લાગે છે. તેથી સહજ રીતે તેની પ્રાપ્તિમાં તે રમમાણ રહે છે. પરિણામે કામક્રોધાદિ દુર્ગુણો ધીમે ધીમે વૃદ્ધિ પામતા હોય છે. ગમે તે, ગમે તેટલું ને ગમે ત્યારે ખાવાપીવાનો તેનો શોખ તેની ભોગપ્રિયતાની ચાડી ખાય છે. ખરેખર તેવી ટેવો દ્વારા માનવનું ગૌરવ વધતું નથી. તે દ્વારા વધશે માંસ ને મેદ, શરીર સુંદર ગોળમટોળ ને ભરાવદાર બનશે અને ચહેરો લાલઘુમ ને આકર્ષક બનશે, પણ આત્મ કલ્યાણને પંથે એક ડગલું પણ આગળ વધી શકાશે નહીં. ખોરાકની સાથે સાથે ઔષધોનો ઉપયોગ કરવાથી માનવ પોતાની સુંદરતા વધારવામાં કદાચ કામિયાબ નીવડે, પણ જેવો ખોરાક બંધ થઇ જાય તેવી જ રૂપની જ્યોતિ હોલવાતી અટકાવવામાં તે સફળ નહીં થઇ શકે. યુવાનીનું

રૂપ અને જોમ કંઇ કાયમ ટકતાં નથી. તેથી તેના પર મુસ્તાક બની કેવી રીતે જીવી શકાય? જો મુસ્તાક બની જીવવા પ્રયત્ન કરે તો તે ગૌરવપ્રદ પણ ગણાતું નથી. કારણ કે તે દ્વારા તો આસુરી સંપત્તિમાં જ વધારો થશે. આત્મકલ્યાણને પંથે તે સંપત્તિ તો ઘાતક ગણાય છે. માત્ર અન્નપાણીના આધારે ટકતું શરીર તો પરિવર્તનશીલ છે તેવી સમજ ધરાવનાર જ પોતાનો ઉદ્ધાર કરી શકે. મને અહીં એક દૃષ્ટાંત યાદ આવે છે—એક રાજકુંવરને પોતાના નગરની વેપારીની દીકરી તરફ મોહ થઇ જાય છે. તે વેપારી સ્વમાની છે. તેની દીકરી જેટલી રૂપાળી તેટલી જ ચતુર પણ છે. રાજકુંવર પોતાના પિતાદ્વારા તે વેપારી પર દબાણ કરાવરાવે છે. વેપારી દીકરીને રાજકુંવર સાથે ન પરણાવે તો મરણની ધમકી આપવામાં આવે છે. વેપારી ચિંતાતુર થઇ ઘરે પહોંચે છે. તેને નથી ખાવાનું ભાવતું કે નથી ઊંઘ આવતી. ચતુર દીકરી પિતાની ચિંતા જાણી જાય છે. એટલે પિતાને સધ્યારો આપતાં કહે છે કે "જાઓ, રાજાને કહો કે મારી દીકરી દસ દિવસ પછી તમારા રાજકુંવરને મળશે અને તેઓ જે નિર્ણય કરશે તે મને કબૂલ મંજૂર છે." રાજાને વાત પસંદ પડી. દીકરી બંધ બારણે એકાંતવાસમાં ચાલી ગઇ. તેણે અન્નપાણી છોડી દીધાં. તેનું લાવણ્ય દિનપ્રતિદિન ઓસરવા લાગ્યું. તેની કાયા દસ દિવસમાં તો જોવી ન ગમે તેવી થઇ ગઇ! રાજકુંવર બની ઠની દસમે દિવસે તેને એકાંતમાં મળે છે. રાજકુંવર તો તેને જોઇને ડરી ગયો! ત્યારે તે ચતુર છોકરીએ કહ્યું કે કેમ ડરી ગયા? જે રૂપ પર તમે મોહિત થયા હતા તે જ આ કાયા છે. માત્ર મારું રૂપ તો મેં અલગ કરીને બે પાત્રોમાં ભરી દીધું છે. તે બંને પાત્રો રાજકુંવરને બતાવ્યાં. તેણે પાસે જઇને ઉઘાડયાં તો એકમાંથી વિષ્ઠાની અને બીજામાંથી પિશાબની દુર્ગંધ તે સહન ન કરી શક્યો



અને ચાલ્યો ગયો! અન્નપાણી બંધ થતાં જ સુંદરતા કેવી બિહામણી થઇ જાય છે તે જોઇને રાજકુંવરનો મોહ નષ્ટ થયો હતો. તેથી શરીરના સૌંદર્ય પર મુસ્તાક બની જીવી શકાય નહિ. મુસ્તાક બનવું હોય તો આંતરિક સૌંદર્ય પર બનવું જોઇએ! આંતરિક સૌંદર્ય તો કલ્યાણકારી ગણાયું છે. તે દ્વારા પરમાત્માની પાસે પહોંચી શકાય છે. તેથી કબીર સાહેબ પોકારીને કહે છે—

કર લે સિંગાર ચતુર અલબેલી
સાજન કે ઘર જાના હોગા
ન્હાલે, ધોલે, શીશ ગૂંથા લે,
ફીર વહાંસે નહીં આના હોગા!

અર્થાત્ સદ્‌ગુણોનો શણગાર માનવની સાચી શોભા છે. પરમાત્મારૂપી પ્રિયતમને મળવા માટે તે અનિવાર્યપણે આવશ્યક મનાય છે. જપ, તપ, વ્રતાદિ સાધનોથી અંતઃકરણ ધીમે ધીમે શુદ્ધ બને છે. પ્રભુના સ્મરણમાં સ્નાન કરનાર સદ્‌ગુણોની વૃદ્ધિ કરી શકે છે. તે જ તો સાચો શણગાર છે. તેવા શણગારથી જ પ્રભુ પ્રસન્ન બને છે. જો આંખો પ્રભુનાં દર્શન કરવા માટે **તલસાપડ** બને, તેના કર્ણપટલનો ને તેની જીભ પ્રભુનાં જ ગુણગાન માટે આતુર બને, તેના હાથપગ પ્રભુનાં જ કાર્યો કરવામાં તત્પર રહે અને તેનું ચિત્ત સદૈવ પ્રભુની યાદમાં નિમગ્ન બને તો તેનું આંતરિક સૌંદર્ય અતિશય આકર્ષક થયેલું ગણાય. તેવું સૌંદર્ય પ્રાપ્ત કરનાર ભક્ત પ્રભુને પ્રિય બની જાય છે. તેથી તેને જન્મમરણના ચક્રમાંથી મુક્તિ મળી જાય છે. માનવ શરીર દ્વારા જ આવી કલ્યાણકારી પ્રવૃત્તિ થઇ શકે છે. બીજી કોઇ યોનિમાં જીવ પોતાનો ઉદ્ધાર કરી શકતો નથી. તેથી માનવ શરીરનું આધ્યાત્મિક મૂલ્ય ઘણું છે.

સરખામણીમાં માનવશરીરનું ભૌતિક મૂલ્ય તો આંગળીને વેઢે ગણી શકાય એટલું અલ્પ છે. પ્રત્યેક શરીરમાં લોખંડ તાંબુ જેવી ધાતુઓ છે, ચૂનો–ખાંડ જેવા પદાર્થો છે અને સલ્ફર–ફોસ્ફરસ ને મેગ્નેશ્યમ જેવા રસાયણો પણ છે તેથી તેનું પૃથક્કરણ કરી શરીરનું મૂલ્ય આંકી શકાય. વૈજ્ઞાનિક પરિભાષામાં સમજવા માટે નીચે પ્રમાણેની ગણતરી ઉપયોગી થઇ શકે છે–

૧. દરેક શરીરમાં, સો કપ ચ્હા થઇ શકે તેટલી ખાંડ હોય છે.

૨. એક મરઘી ઘરને લગાડી શકાય એટલો ચૂનો હોય છે.

૩. એક નાની ખીલી થઇ શકે એટલું લોખંડ હોય છે.

૪. છ વાર કેમેરો 'ફ્લેશ' કરી શકે એટલું મેગ્નેશ્યમ હોય છે.

૫. બાળકના એક તોપના રમકડામાં વિસ્ફોટ કરી શકાય એટલું પોટાશ્યમ હોય છે.

૬. કૂતરાના એક બચ્ચાને મારી શકાય એટલું સલ્ફર હોય છે.

૭. દિવાસળીના વીસ ખોખા બનાવી શકાય એટલું ફોસ્ફરસ હોય છે.

૮. એક ડઝન સાબુ બનાવી શકાય એટલી ચરબી હોય છે.

૯. એક નવો પૈસો થઇ શકે એટલું તાંબુ હોય છે.

૧૦ નવા જન્મેલા બાળકને નવડાવી શકાય એટલું પાણી હોય છે.

આધુનિક બજારભાવે ઉપરોક્ત દરેક ચીજની કિંમત નક્કી કરવામાં આવે તો આશરે ત્રણસો રૂપિયાનું મૂલ્ય આ શરીરનું ગણી શકાય. આ વિજ્ઞાનના જમાનામાં આંખને વેચી શકાય છે.



કોઇ ગરજવાન પૈસાદાર વધારેમાં વધારે એક લાખ રૂપિયા આપી પણ દે તો આશ્ચર્ય નહીં. વળી લોહીનો પણ વેપાર ચાલે છે. મહિનામાં બે વાર લોહી વેચે તો થોડી રકમ વધે. આખી જિંદગી લોહી વેચે તો વધારેમાં વધારે એક લાખથી વધુ રકમ તો મેળવી શકાય નહિ. એ રીતે શરીરનું ભૌતિક મૂલ્ય બે થી ત્રણ લાખ જેટલું જ ગણી શકાય. તેથી જ કબીર સાહેબે કહ્યું કે હાડકાંના નથી ઘરેણાં બનાવી શકાતા કે જેને વેચીને બજારમાં કિંમત ઉભી કરી શકાય! ચામડીનાં ઢોલનગારાં બનાવી શકાતે તો પણ તેની આવક ઉભી કરી શકાતે! પરંતુ શરીરનાં અંગોનું કાંઇ જ બનાવી શકાતું નથી! તેથી તેનું ભૌતિક મૂલ્ય ખુબ જ અલ્પ ગણાય છે. માટે શરીરનો અહંકાર રાખવો મિથ્યા છે. એટલું ખરું કે ભૌતિકવાદીને આ શરીર મોજમઝાનું સાધન જણાશે, જ્યારે કોઇ અધ્યાત્મવાદી આ શરીરને ધર્મનું સર્વોત્તમ સાધન માનશે. જેવી દૃષ્ટિ તેવી સૃષ્ટિનો સિદ્ધાંત બરાબર સમજાવતો એક સંસ્કૃત શ્લોક યાદ આવે છે–

**एक एव पदार्थस्तु त्रिधा भवति वीक्षितः ।**
**कुणपः कामिनी मांसं योगिभिः कामिभिः श्वभिः ॥**

અર્થાત્

(અનુષ્ટુપ છંદ)

વસ્તુ એક છતાં ભાસે દૃષ્ટિભેદે જુદી જુદી
યોગીને શબ, ભોગીને દેહ, માંસગણે પશુ!

## સ્વ. શ્રી વિનોદભાઈ જોષી

# પ્રભુના પાર્ષદ

ગોરધનભાઈ કલોલા (કલ્યાણ)

શ્રીહરિના વૈકુંઠધામના જય-વિજય નામના પાર્ષદોની પૌરાણિક કથા આપણે જાણીએ છીએ. પાર્ષદ એટલે અનન્ય નિષ્ઠાવાન સેવક. જે અનન્ય નિષ્ઠાપૂર્વક શ્રીહરિ અને જીવતા દેવ જેવા માનવોની અનન્ય નિષ્ઠાપૂર્વક સેવા કરે તેને પ્રભુના પાર્ષદ બની અહર્નિશ હરિદર્શનનો લ્હાવો મળે. આવા એક પ્રભુના પાર્ષદ આપણને મળ્યા, જેમણે જીવતા દેવને અનન્યભાવે સેવ્યા. જનસેવા એ જ પ્રભુસેવા એ જ એમનો જીવનમંત્ર બની રહ્યો. દરીદ્રનારાયણના દેવ બની રહ્યા.

દુઃખી છે દુનિયામાં, રોવે છે કૈંક,
એના આંસુ લોઈને દુઃખ ટાળો;
ભૂખ્યાનો દેવતા વૈશ્વાનર
તેને આહુતિ આપીને ઠારો.
હાલે ચાલે છે ને જે કરુણા યાચે!
તેને પ્રેમના પાણીએ પખાળો,
આ જગના કોઈ જીવને દુભાવીને,
તેના સ્વામીને ના પુકારો.
પ્રભુને પોકારો ભલે, દર્શનથી રાચો ભલે,
જીવન તમારું ઉજાળો,
તેના સ્વરૂપ એવા દુનિયાના રૂપને
પાગલ કહે ના નકારો.



જીવના દેવને સેવો, ઓ ભાઈ મારા,
જીવતા દેવને સેવો.

પરમપુરુષ મહાત્મા શ્રી યોગેશ્વરજીની આ માનવસેવાની ભાવનાને તેમના જ પાર્ષદસમા અનન્ય ભક્ત સેવક શ્રી વિનોદભાઈ જોષીએ પોતાના જીવનમાં મૂર્તિમંત બનાવી. શ્રી વિનોદભાઈ જીવતાં જ બધું પામ્યા. જીવતા દેવોની તન મન ધનથી નિષ્ઠાપૂર્વક સેવા કરી. પ્રકટ પરમપુરુષ પૂ. મા અને પૂ. યોગેશ્વરજીના દૈવી સાન્નિધ્ય સુખને પણ પામ્યા.

પરમાત્મા પોતે જ ક્યારેક આ ધરતી પર પોતાની પ્રતિકૃતિ સમા આ સંસારમાં વૈકુંઠ દર્શન કરાવે છે. શ્રી લક્ષ્મીનારાયણના પ્રકટ સ્વરૂપસમા પૂ. મા, તેમ જ પૂ. યોગેશ્વરજી અને તેમના પાર્ષદસમા શ્રી વિનોદભાઈ! જાણે ધરતીપરનું પ્રકટ વૈકુંઠ! જેઓ આ દર્શનસુખ પામ્યા છે તેઓ આ પ્રકટ વૈકુંઠનો કેવી રીતે ઈન્કાર કરી શકશે? ધરતીપરના આ પરમધામની આપણે યાત્રા કરવાના છીએ. પ્રભુના પાર્ષદ અને તેના વૈકુંઠવાસની રસમય કથા કરવાના છીએ.

આપણી વચ્ચે જ એક આવું માનવપુષ્પ ખીલ્યું, જેની જીવન પાંદડીઓ પર પ્રભુના પરમપ્રેમની નજાકત નીખરી ઉઠી હતી. જેમને પણ પ્રભુના પ્યારા પૂજાના ફૂલ સમા શ્રી વિનોદભાઈને નજીકથી જોવાનો લાભ મળ્યો, તેમને તેમના જીવન ઈતિહાસમાં માનવની મહાન ગૌરવગાથાના રસમય ગાનના સાક્ષી બનવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું. તેમનો જીવન ઈતિહાસ માનવગરીમાની ગૌરવ ગાથા છે. સાવ સામાન્ય લાગતા શ્રીવિનોદભાઈ ખરેખર વિરલ પુરુષ હતા! એકવડિયા બાંધામાં સૌમ્યતા સાક્ષાત્ પ્રકટી હોય તેવું તેમનું સ્વરૂપ! નમ્રતા અને વિવેકના ભારથી તેમનું

મસ્તક હમેશાં ઝુકેલું રહેતું! અહં અને આડંબરથી મુક્ત તેઓ સાવ હળવા ફૂલ જેવા લાગતા! સદાય મીઠા હાસ્યથી શોભતા મુખારવિંદ પરથી નજર ખસેડવાની ઇચ્છા ન થાય! બંને આંખો અનન્ય સેવા નિષ્ઠાથી ભારોભાર ભરેલી! ચાલો ત્યારે, એ પરમ-ધામની યાત્રા કરીએ.

વડોદરામાં આર. વી. દેસાઇ રોડ પર આવેલા મયુર એપાર્ટ-મેન્ટના પગથિયાં ચડવાનું શરુ કરીએ ત્યારથી જ અંતર પવિત્રતાનો એહસાસ કરવા લાગે કે આપણે કોઇ તીર્થના દર્શન કરવા જઇએ છીએ. બ્લોક નં. સી–૫, ના દ્વારે જઇને ઊભા રહીએ એટલે આપોઆપ જ આપણું મસ્તક ઝુકી જાય! સામે જ દિવાલપર મહાત્મા શ્રી યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરી આ પરમધામના ઇષ્ટદેવ હોય તેવા અધિકારથી બિરાજ્યાં છે. જેમ જેમ આપણી નજર એ ગૃહમંદિરમાં ફરવા લાગે તેમ તેમ પરમ-ધામની પવિત્રતાથી અંતર અભિભુત થતું જાય! દિવ્ય સંસ્કારોની સુગંધ એ ગૃહમંદિરના કણેકણમાંથી પ્રકટતી લાગે! એ ધામના બધા જ રહેવાસીઓ પૂજારી જેવા લાગે! આ ગૃહમંદિરે પ્રભુની સેવાપૂજા ફક્ત સવારસાંજ નહીં, પરંતુ અખંડ થતી હોય તેવું લાગે! ત્યાં બાહ્ય ભભકની ભરમાળ નથી, ત્યાં બેસીએ એટલે દિવ્યપ્રેમથી અંતર પવિત્રતાનો અનુભવ કરવા લાગે! સ્થાનની પવિત્રતા એટલે શું? તેનો જવાબ ત્યાંનું વાતાવરણ જ આપે! એક જ ઘરમાં ભક્તોનો જાણે મેળો! એટલે જ આપણે આ ઘરને કોઇ સામાન્ય સંસારીનું ઘર નહીં પણ ગૃહમંદિર કહ્યું છે.

અફાટ રણમાં વૃક્ષરાજિથી વીંટળાયેલો રણદ્વીપ મળી આવે તો કેવી શાતા ફરી વળે, તેમ આ ખારાશ ભર્યા સંસાર સાગરે મીઠા



પાણીનો અમૃતઝરો અનેકની વિસામાની પરબડી બની શકે છે. શ્રી વિનોદભાઇ જોષીનું જીવન જીવનવાટે નીકળેલા વટેમાર્ગુઓ માટે પરબ સમાન હતું. મીરાંબાઇ કહે છે તેમ–

ખારા સમુદ્રમાં અમૃતનું વહેળિયું રે,
એવી છે ભક્તિ અમારી રે.

મીરાંબાઇ કહે છે કે આ ભક્તિના પ્રતાપે તો અમે સંસાર-સાગરની ખારાશ વચ્ચે પણ સતત અમૃતનાં ઝરણાંની મીઠપ માણી શક્યાં છીએ. શ્રી વિનોદભાઇનું જીવન પણ અમૃતના વહેળિયા જેવું હતું. અનેક તમજીવોએ એમની જીવન પરબે અમૃતપાન કરીને તૃપ્તિ મેળવી હતી. સંસારસાગરના મંથનમાં તો વિષ ને અમૃત બંને નીકળ્યાં, પરંતુ વિષ તો શ્રી વિનુભાઇએ સ્વયં પીને બીજાને માટે અમૃતની પરબ માંડીને બેઠા! એમની આ જીવન પરબડીનું અમૃતપાન આપણે અહીં કરવાના છીએ.

આ પૃથ્વીપર જીવન તો સૌનું સમાપ્ત થાય છે. પરંતુ સમા-પનની ભવ્યતા કોઇ ભડવીર જ સર્જી શકે છે. શ્રી વિનોદભાઇનું જીવન ૬, ડીસેમ્બર '૯૨ ના રોજ સમાપ્ત થયું. એ એમની જીવન સંધ્યા ન હતી તેમ છતાં એ અચાનક વિદાયમાં જીવન-તૃપ્તિની પ્રશાંતિ હતી!

એમનું ગૃહમંદિર પરમધામની પ્રતિકૃતિ જેવું લાગે! અહર્નિશ પ્રભુની પ્રેમભક્તિથી ગુંજતું લાગે. પૂ. યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરી એમના ઇષ્ટદેવ, એમના પૂર્વના પ્રબળ આધ્યાત્મિક સંસ્કારોને લીધે પૂ. મા અને પૂ. યોગેશ્વરજી જેવા પરમપુરુષોનો યોગ અનાયાસે જ સાંપડેલો. આ બંને પરમપુરુષોના દિવ્ય સાન્નિધ્ય યોગે, તેમના શ્રદ્ધાભક્તિના સંસ્કારો બળવત્તર બન્યા. સમગ્ર કુટુંબ, પ્રભુના અનન્ય પ્રેમભક્તિના પ્રવાહમાં સહજ જ

વહી રહ્યું! પરમધામનું અલૌકિક જીવન આ ગૃહમંદિરે પ્રેમ-ભક્તનો મહોત્સવ માણતું રહ્યું. પૂ. મા અને પૂ. યોગેશ્વરજી આ ગૃહમંદિરે સાક્ષાત્ બિરાજે છે. આ બંને પરમપુરુષોમાં શ્રી વિનોદભાઈ અને તેમના સમગ્ર કુટુંબને અનન્ય શ્રદ્ધા! તેમના દિવ્ય સંસ્કારોનો વારસો તેમણે અદ્‌ભુત દીપાવ્યો છે.

શ્રી વિનોદભાઈના જીવન ઇતિહાસના પાનાઓમાં જે ઇતિહાસ તેમણે કંડાર્યો છે, તેમાંથી પ્રભુના પાર્ષદ સમા અનન્ય ભક્ત સેવકનું બેનમૂન ચિત્ર ઉપસી આવે છે. તેઓ બહાર જેવા દેખાતા તેનાથી તેના આંતરિક જીવનની આધ્યાત્મિક ગહનતા અનેકગણી ભવ્ય હતી. પ્રથમ દૃષ્ટિએ તેઓ અતિ વિનમ્ર. ભારે સેવાપરાયણ સીધા, સાદા, સાવસરલ અને વિવેકની ખાણ જેવા લાગે, તો !ગમે તેવા શબ્દો પણ તેમની અંતરની સૌજન્યશીલતા તે વર્ણવી નહીં શકે. પ્રકૃતિએ તેઓ પ્રભુના પાર્ષદ સમા નિષ્ઠાવાન સેવક હતા.

શ્રી વિનોદભાઈ કેટલા મોટા હોવા છતાં સાવ નાના લાગતા! આ જ તેમની મહાનતા હતી. તેમની જીવનશૈલી જાણવા જેવી છે. તેઓ ગુજરાત ફર્ટીલાઈઝર્સના કારખાનામાં મોટા પરચેઇઝ ઓફીસર હતા. ખરીદી માટે કરોડોનું બજેટ તેમના હાથમાં હતું! તેમનો પગાર માસિક લગભગ રૂ. સાત—આઠ હજાર હતો, છતાં તેમણે અંતિમ શ્વાસ લીધા ત્યાં સુધી તેમનાં ધર્મપત્ની શ્રી કૈલાસ-બેન સુદ્ધાં કોઈને તેમના આ મોટા પગારની ખબર ન હતી! ઘરમાં માત્ર તેઓ ખર્ચ માટે માંડ બે ત્રણ હજાર રૂપિયા જેવી રકમ આપતાં ઘરનાં કુટુંબીજનો એમનો પગાર ટૂંકો હશે તેમ માની સ્વીકારી લેતાં, ક્યારેય દલીલ કરતાં નહીં અને ભારે કરકસર કરી ઘરનો વહીવટ ચલાવતાં. તો પ્રશ્ન થાય કે બાકીના પાંચ—છ હજારની રકમનું શું થતું! આપણને ગળે વાત નહીં



ઉતરે, પરંતુ તેઓ પોતાના આ પરસેવાની કમાણી ગરીબ જરૂરિયાત મંદોની મદદમાં ખર્ચી નાખતા! કેટલીક ગરીબ વિધવા બેનોને દર મહિને તેમની ઘરખર્ચની રકમ આપતા અથવા પોતે જાતે દુકાનેથી અનાજથી માંડીને દવાસુધીની ચીજવસ્તુઓ ખરીદી જાતે જ તેમને ઘેર નિયમિત પહોંચાડતા. પગાર થાય એટલે અમુક રકમ હોસ્પીટાલના ગરીબ દર્દીઓ માટે ફાળવી રાખી, હોય તેમાંથી તેમને માટે દવા તથા ફળો, દૂધ વગેરે નિયમિત હોસ્પીટલે પહોંચતું રહે. ફળો જાતે જ પોતાના હાથે દરેક દર્દીના પલંગ પર જઈને આપી આવે! માન, કીર્તિ કે પ્રસિદ્ધિથી તેઓ હમેશાં ભાગતા રહેતા. એક વખત તેઓ નિયમ પ્રમાણે હોસ્પીટાલમાં દર્દીઓને ફળો વહેંચવા ગયા, ત્યાં તેમણે કોઈ પૂર્વપરિચિત દર્દીને જોયો, જોતાવેંત તેઓ તરત જ પાછા વળી ગયા, ફળો વહેંચવાનું બીજાને સોંપી પોતે સડસડાટ દવાખાનામાંથી બહાર નીકળી ગયા. પોતાની સેવાની આ પ્રવૃત્તિની કોઈ પ્રસંશા કરે તે તેમને બીલકુલ ગમતું નહીં, એમનું હૃદય એટલું તો કોમળ હતું કે તેને પીગળતાં વાર લાગે જ નહીં. કોઈને દુઃખી જુએ તો પોતાની હમદર્દીને રોકી શકતા નહીં, ત્યાં સુધી કે કૈલાસબેને ઓફિસે જમવા માટે ટીફીન બનાવી દીધું હોય તો કોઈ ભૂખ્યા માણસને જુએ એટલે તેને ટીફીન જમાડી દે. પોતે ભૂખ્યા રહે! આમ એક દિવસ નહીં દિવસો અને મહિનાઓ સુધી ચાલે, ત્યાં સુધી કે ભૂખના દુખે તેમનું શરીર સાવ ફીક્કું પડી ગયું. તેમને હોસ્પીટાલમાં દાખલ કરવા પડયા, ડોક્ટરે નિદાન કર્યું કે ખોરાકના અભાવે તેમનું શરીર નંખાઈ ગયું છે! ઘરના કુટુંબીજનોને આશ્ચર્ય થયું કે અમે ટીફીન તો નિયમિત આપીએ છીએ છતાં આમ કેમ બન્યું? તેઓ તો કંઈ બોલ્યા નહીં, પરંતુ ઓફિસ સ્ટાફમાંથી એ વાત બહાર આવી કે તેઓ ભૂખ્યા રહીને બીજાને જમાડી દેતા. ત્યારપછી

કૈલાસબેન તેમને બે જણનું ટીફીન કરી આપતાં, છતાં કોઇના ભૂખના દર્દસામે તેઓ આંખ મીચામણાં કરી શકતા નહીં, ઘરના સભ્યોના સંતોષ ખાતર થોડું ખાતા ને વધુ ખવડાવી દેતા! ઘરમાં પણ પોતાના માટે ખાવા માટે કે બીજી જરૂરિયાતો માટે વિશિષ્ઠ કાળજી લે તે તેમને ગમતું નહીં. બીજાને તકલીફ થાય એટલે થોડી, વધેલી કે ઠંડી રસોઇથી ચલાવી લેવાનો ભારે આગ્રહ રાખતા! ખુદ પૂ. મા પાસે પણ તેમની ફરિયાદ પહોંચી પછી પૂ. માની આજ્ઞાનું પાલન કરતાં પણ પોતાના પરગજ્જુ સ્વભાવને રોકી શકતા નહિ.

શ્રી વિનોદભાઇની સેવાની તમન્ના તો જુઓ! બીજાને ઉપયોગી થવાની ભાવના તો જુઓ! તેમની અનન્ય નિષ્ઠાપૂર્વકની સેવાની ભાવના, આપણે તેમને આપેલું "પ્રભુના પાર્ષદ"નું બીરૂદ કેટલું સાર્થક ઠરાવે છે! ઘરમાં બે ત્રણ હજાર જેવી નાનકડી રકમ આપી બાકીનો બધો પગાર તેઓ બીજાના દુઃખના ભારને હળવો કરવામાં ખર્ચી નાખતા, એટલું જ નહીં પરંતુ કોઇને ઓપરેશન માટે કે ભણતરના ખર્ચ માટે મોટી રકમની જરૂર હોય તો તેઓ પોતાના પ્રોવિડંડ ફંડમાંથી દશથી પંદર હજાર રૂપિયાની લોન ઉપાડીને મદદ કરી દેતા, જે ક્યારેય પાછી લેવાની રહેતી નહીં. એટલું જ નહીં પરંતુ લેનારને ઉપકારનો ભાર ન લાગે એટલે તેમને મળવાનું પણ ટાળતા. રસ્તામાં કોઇ અચાનક સામે મળી જાય તો પોતે ઇરાદાપૂર્વક બીજે રસ્તે ફંટાઇ જતા! આ બધું જ ગુપ્તપણે ચાલ્યા કરતું. ઘરના સભ્યોને સ્વપ્નેય પણ ખ્યાલ ન આવે! ઘરના સભ્યોનાં ભોગે તેઓ બીજાને મદદ કરતાં આમ તેમનાં કુટુંબના સભ્યો પણ અજાણતાં પણ શ્રી વિનોદભાઇના સેવાયજ્ઞમાં ભાગીદાર બનતાં.



શ્રી વિનોદભાઇની સેવાની ભાવનાના શિખરો તો હજુ આપણે જોવાનાં છે. તેઓ પૈસેટકે તો બીજાને માટે ઘસાઇ છૂટતા, પરંતુ શરીરથી પણ એથીયે વિશેષ ઘસાઇ છૂટતા. દર મહિને તેઓ હોસ્પિટાલમાં નિયમિતરૂપે લોહી આપવા જતા. તેમનું શરીર તો દૂબળું પાતળું એટલે ઘણી વખત ડોક્ટર સામેથી લોહી લેવાની ના પાડે. છતાં પોતે આગ્રહ કરીને આપે. કોઇના ઓપરેશન વખતે તાત્કાલિક લોહીની જરૂર પડે તો પોતે પહોંચી જ ગયા હોય. ડોક્ટરો પરાણે ના પાડે તો પોતાના યુવાન પુત્ર આશિષને લોહી માટે મોકલી આપે. સેવાથી જાણે તેમને સંતોષ નહોતો થતો. તેમની સેવાની ઝંખના તેમને પગ વાળીને બેસવા દેતી નહીં. પૂ. માનાં સત્સંગના કાર્યક્રમો હોય કે સગાસંબંધીઓમાં લગ્નપ્રસંગ હોય કે પોતે જ્યાં રહેતા તે મયૂર એપાર્ટમેન્ટનું કોઇ સામુહિક કામ હોય તો, પોતે અગ્રેસર જ હોય! સત્સંગના દરેક કાર્યક્રમોમાં વાળવા ચોળવાથી માંડી શેતરંજીઓ પાથરવી ને સંકેલવી, સમૂહ-ભોજન વખતે સૌને પીરસવું, જમ્યા પછી ફરીથી સફાઇ કરવી તેમ જ લગ્નપ્રસંગે પણ રાતદિવસ અથાક મહેનત ઉજાગરાઓ વેઠીને પણ કરે. પીરસવું, સફાઇ કરવી, પથારીઓ કરવી, મહે-માનોની સરભરા કરવી, કોઇ ચીજવસ્તુઓ ખૂટતી હોય તો પોતાને ખર્ચે લાવી આપવી, રસોડામાં મદદ કરવી આમ રાતને દિવસ પસાર થઇ જતાં, પરંતુ તેમની અનંત સેવાનો અંત ના આવતો. પોતાની જાત માટે એટલો તો સંકોચ રાખતા કે પૂરું જમતા પણ નહીં, જો કોઇ આગ્રહ કરીને ન જમાડે તો પૂરું જમ્યા વિના ઊભા થઇ જાય! અથવા તો સેવાની એટલી તો ધગશ કે જમવાનું પણ વિસરી જાય!

તેમની સેવાની તમન્ના એટલી બધી કે તેઓ જાતે ભૂખ્યા રહીને બીજાઓની ભૂખ સંતોષતા. વિરપુરના પ્રસિદ્ધ ભક્તપુરુષ

સંત શિરોમણિ જલારામબાપા પોતાની યુવાનીમાં ખેતરમાં મજૂરી કરવા જતા, સાંજ પડયે એ પરસેવાની કમાણીમાંથી ઉદરપોષણ અર્થે જ્યાં જમવા બેસતા ત્યાં કોઇ સાધુ આવી ચડે અને પોતે ભૂખ્યા જ ઉઠીને સાધુને ભોજન કરાવી દેતા. એ સેવાની ભાવનામાંથી વિરપુરમાં અન્નક્ષેત્રનો આરંભ થયો અને આજે હજારો લોકો વર્ષોથી દરરોજ ઉદરતૃપ્તિનો મીઠો ઓડકાર ખાય છે. શ્રી વિનોદભાઇનું કંઇક આવું જ હતું. પોતાના મળેલા સંજોગો વચ્ચે યથાશક્તિ નહીં પણ શક્તિથી પણ અનેકગણું વધારે એમણે આપ્યું છે. તેમની ઉદારતાની અને પરોપકારપણાનું ઉંડાણ તો જુઓ! શરીર પાસેથી, મન પાસેથી જેટલું ઝૂંટવાય તેટલું તેમણે ઝૂંટવી લીધું છે, પોતાનાં ધર્મપત્ની અને સંતાનોની મમતાને પણ તેમણે જરાપણ આડે આવવા દીધી નથી. પોતાના કરતાં પારકાઓને તેમણે વિશેષ ગણ્યા છે. અન્નદાન, ધનદાન, દેહદાનથી પણ તેમને તૃપ્તિ ન થતી, તેથી પોતાની પરગજ્જુ વૃત્તિને પોષવા પોતાના સારાં વસ્ત્રો પણ દાનમાં આપી દેતા! ઘરના લોકો તેમના માટે સારાં વસ્ત્રો લઇ આપતા તો ફક્ત બે કપડાંની જોડ પોતાની પાસે રાખી, નવાં સારાં કપડાં બીજાને આપી દેતા. પોતાનાથી શક્ય હતું તે બધું જ લૂંટાવવામાં તેમણે ક્યારેય પાછી પાની કરી નહતી.

પોતે તકલીફો વેઠીને બીજાને વધુ ઉપયોગી થવાની તેમની ભાવના જુઓ! મયુર એપાર્ટમેન્ટમાં ક્યારેક પાણીની ખેંચ રહેતી તો આવા સંજોગોમાં પોતે છાનામાના પાણીની ટાંકી જે અગાસીમાં છે ત્યાં જઇને પોતાના ઘરમાં જ્યાંથી નળનું કનેક્શન આવતું હતું ત્યાં કપડાંનો ડૂચો મારી દેતા. જેથી ઘરમાં સાવ પાણી ઓછું આવે. ઘરના લોકો પાણીની ફરિયાદ કરતાં તો કરકસરથી ચલાવવાનું કહેતા. બીજા બધાંને પૂરતું પાણી આવે અને પોતાના ઘરમાં વપરાશ પૂરતું પાણી પણ ન આવે ત્યારે ઘરના લોકોએ પાણીના ટાંકાની તપાસ કરાવી તો પોતાના કનેક્શનમાં ડૂચો મારેલો જોયો, એપાર્ટમેન્ટના બીજા રહેવાસીઓને વધારે પાણીની સગવડતા મળે એટલે પોતે પાણીની તકલીફ સામે ચાલીને વેઠી લેતા! કોઇનું દીલ દુભવવાની તો તેઓ કલ્પના પણ ન કરી શકે! જે માણસ બીજાને માટે ભૂખ્યો અને તરસ્યો રહીને તપે તે સંતકોટિ નહીં તો બીજું શું? જેઓ પરહિત કાજે જીવે છે તેનાથી વિશેષ કોઇ સાધના હોઇ શકે નહીં! શ્રી વિનોદભાઇ બીજાની સુખાકારી માટે જ જીવ્યા. પરહિતને જ પોતાની સાધના માની! તુલસીદાસજી કહે છે તેમ "પરહિત સરસો ધર્મ ન ભાઇ" તે પ્રમાણે માનવ ધર્મને તેમણે શ્રેષ્ઠ રીતે આચરી બતાવ્યો.

શ્રી વિનોદભાઇનું માનસ દર્શન કરવા જેવું છે. છેક અંતરના ઉંડાણ સુધી ફરી વળો તો પણ તમને રજ જેટલી સ્વહિતની ખેવના જોવા નહીં મળે. પરહિતના ધબકાર તેમની નસેનસમાં ધબકતા સ્પષ્ટ સાંભળી શકાય! બીજાને બચાવવા પોતાની જાનની બાજી લગાવતા તેઓ જરાપણ અચકાયા નથી. એક વખત મયૂર એપાર્ટમેન્ટમાં એક કિશોર અજાણતાં ઇલેક્ટ્રીકના વાયરને ચોંટી ગયો. મોતને અને તેને એક ઘડીની પણ વાર ન હતી. બધા લોકો ભેગા થઇ ગયા પણ સામેથી મોતને વળગવા કોણ જાય? બધા દૂર રહીને મોતનો તમાસો જોઇ રહ્યા! શ્રી વિનોદભાઇ દોડતા આવ્યા, તેઓ પોતાની જાતને રોકી ના શક્યા! 'ૐ મા'નું સ્મરણ કરતાંની સાથે જ તેમણે છોકરાને ખેંચી લીધો. આમ કરતાં પોતે માંડ બચ્યા, તેમના શરીરની ચામડી કરંટને લીધે કાળી પડી ગઇ, બેભાન પણ થઇ ગયા! પણ મોતને મુઠ્ઠીમાં લઇને તેમણે ઝંપલાવ્યું! પોતાના જાનના જોખમે બીજાનો જીવ બચાવ્યો! આ છે શ્રી વિનોદભાઇનું માનસદર્શન! આપતકાળે જ માનવસ્વભાવની

પરખ થાય છે તેમ આ પ્રસંગે શ્રી વિનોદભાઇ સાવ પરખાઇ ગયા! પ્રભુના પાર્ષદ વિના આવી અનન્ય નિષ્ઠા બીજે ક્યાં જોવા મળે! ફનાગીરી વિના પરમસત્યને પામી શકાતું નથી.

"તીરે ઊભા જુએ તમાસો તે કોડી નવ પામે જોને.
માંહી પડયા તે મહાસુખ માણે, દેખનહારા દાઝે રે."

ઝંપલાવવાની આ રીત પરમપુરુષની પરખ છે. સાચી આધ્યાત્મિકતા શાસ્ત્રોમાં ક્યાં શોધવા જઇશું! જીવન જીવવાની રીતમાં જ પરમ સત્ય પ્રકાશી ઉઠે છે. તે આપણે અહીં શ્રી વિનોદભાઇની જીવન શૈલીમાં જોઇએ છીએ. પરહિત ઘસાઇ ઘસાઇને ઉજળા થવાની આ રીતમાં જ આધ્યાત્મિકતાની સાચી સમજનાં દર્શન થાય છે.

શ્રી વિનોદભાઇ ફર્ટીલાઇઝર્સ કંપનીના મોટા પરચેઇઝ ઓફિસર, કરોડોની ખરીદીનું બજેટ તેમના હાથ નીચે. એટલે સ્વાભાવિક રીતે જ મોટા મોટા વેપારીઓ પોતાને ત્યાંથી માલ ખરીદવાનો આગ્રહ રાખે અને એ માટે ભેટ સોગાદરૂપે વધારાની રકમ પણ આપે. શ્રી વિનોદભાઇ આવી રકમ સ્વીકારવાનું સ્વપ્ને પણ વિચારી ના શકે. એટલે ઘણી વખત આ વેપારીઓ ઘેર આવીને ભેટરૂપે કંઇ ને કંઇ વસ્તુઓ આપી જાય. પરંતુ તેઓ કદી સ્વીકારે નહીં. એક વખત એમની ગેરહાજરીમાં કોઇ વેપારી તેમને ત્યાં કોઇ વસ્તુઓનું બંડલ મૂકી ગયા! શ્રી વિનોદભાઇ સાંજે ઘેર આવ્યા ત્યારે આ વાત જાણી કે તરત જ બંડલ ખોલ્યા કે જોયા વિના એ જ સ્થિતિમાં એ ભાઇને પરત આપી આવ્યા ત્યારે તેમના જીવને નિરાંત વળી. કરોડો રૂપિયાનું બજેટ તેમના હાથમાં છતાં તેમનો વહીવટ ચોક્ખોચટ્ટ. ધનનો પ્રવાહ સામેથી ઘરમાં આવતો હોય અને તે પણ કોઇ જાતના પ્રયાસ વિના, તેનો



સ્પર્શ પણ ન કરવો એ કોઇ સાધારણ વાત નથી. અસાધારણ આત્મબળ વિના આ શક્ય નથી બનતું!

શ્રી વિનોદભાઇની બીજાને મદદરૂપ થવાની ભાવના એવી તો ભારે કે પોતાની જાતની પરવા કર્યા વગર રાતદિવસ દોડાદોડ કરે. ઓફિસમાં તેમના પરગજ્જુ સ્વભાવની બધાને જાણ એટલે પોતપોતાનું કામ સૌ વિનુભાઇને સોંપે, શ્રી વિનુભાઇ ઓફિસની ફાઇલો ઘરે લાવે, રાત્રે ઉજાગરા કરીને સૌનું કામ કરે, રવિવારનો દિવસ હોય એટલે મયૂર એપાર્ટમેન્ટની પાણીની ટાંકી સાફ કરવી, સમૂહ સફાઇ કરવી વગેરે કામ એકલે હાથે બીજાની મદદની અપેક્ષા વગર અવિરત ચાલુ રાખે. બીજા લોકો તેમની આ ભલમનસાઇનો ગેરલાભ લેતા. પામર લોકો વચ્ચે પોતાની આત્મિક અસ્મિતા ટકાવવી તે પ્રભુકૃપા વિના શક્ય નથી.

"જનસેવા એજ પ્રભુસેવા" એ શ્રી વિનોદભાઇની જીવન સાધનાનો મહામંત્ર! પોતાની પરોપકારની પ્રવૃત્તિઓની સાથે સાથે તેઓ સત્સંગ પ્રવૃત્તિમાં પણ એથીયે વિશેષ રૂચિ દાખવતા. પૂ. યોગેશ્વરજી અને પૂ. મા સર્વેશ્વરીના ઈશસામર્થ્યમાં પણ તેટલી જ અતૂટ શ્રદ્ધા. પૂ. માની આજ્ઞા તે તેમનો જીવનમંત્ર! એ આજ્ઞાઓ પાળવામાં તેમની સાધના સમાઇ જતી. પૂ. મા અને પૂ. યોગેશ્વરજીના પાર્ષદ બનીને અનન્ય નિષ્ઠાવાન સેવકનું ઉદાહરણ જનસમાજમાં ધર્યું. પૂ. માની સત્સંગ સભાઓ પછી તે હરિદ્વાર હોય કે અંબાજી, તેઓ અચૂક હાજરી આપતા. આ સત્સંગ સમારંભોમાં સેવા એ જ તેમનો જીવન મંત્ર બની રહેતો. તેમની સેવા ઉપરછલી અને સાધારણ ન હતી, પરંતુ સેવા એ તેમના જીવનનો આર્તનાદ હતો. સેવા એ તેમની સાધનાનું માધ્યમ હતું. તેમની અનન્ય શ્રદ્ધા, ભક્તિ અને દિવ્યપ્રેમ સદાયે સેવાનું સ્વરૂપ પામતાં! શ્રી હનુમાનજી જેવી અનન્ય સેવા નિષ્ઠા તેઓ પૂ. મા

પ્રતિ રાખતા. પૂ. માની જનસેવાની પ્રવૃત્તિઓના તેઓ મુખ્ય સૂત્રધાર સમા હતા. આ સેવાની સંજીવનીથી તેમણે અનેકોના જીવનમાં પ્રાણસંચાર કર્યો હતો. સેવામાં જ તેમનું પ્રભુદર્શન પૂર્ણ થતું. આ તેમનું આત્મદર્શન હતું!

સૌમાં રૂપ તમારું ભાળી,
સેવા કરું સદાયે ન્યારી;
કેવી શાંતિ મને તો થાય?
કાયા ધન્ય બની જાય!
તમારી હે પ્રભુ, સેવામાં મારું જીવન પૂરું થાય.
તમારો પ્રેમ હૃદયમાં જાગે,
શ્રદ્ધા કોઈ કાળ ન ત્યાગે;
કૃપાની પામી દૈવી ધાર, મારું જીવન પૂરું થાય.
તમારી સુંદર સેવામાં, મારું જીવન આખું જાય.

સેવાના આ જીવનમંત્રને તેમણે જીવતાં જ સાકાર બનાવીને આપણને સૌને સેવાનો પ્રેરણાપંથ ચીંધ્યો છે. આપણે સૌ તે પંથે ચાલી તેમની સેવાનિષ્ઠાની સીમાને વિસ્તારીએ.

શ્રીવિનોદભાઈએ જીવનલીલા સંકેલી તે પહેલાં તેમની જીવનસંધ્યાના રંગોએ એ ભવ્ય વિદાયના કેટલાંક અદ્ભુત ચમકારા પણ બતાવ્યા. એ જીવનવિદાયના અંકોડા મેળવીએ તો એ વિદાય આકસ્મિક નહીં લાગે!

શ્રી વિનોદભાઈ જેવા પ્રભુના પાર્ષદ, કોઈ કર્મના લેખાંજોખાંના સરવૈયાના લીધે જીવનધારણ કર્યું હોય તેમ નથી લાગતું! તેઓ તો પ્રભુના પાર્ષદ બની આ પૃથ્વી પર આવ્યા, અને અનન્ય સેવાનો પદાર્થપાઠ શીખવી પાછા પ્રભુના દરબારમાં ચાલ્યા ગયા! તેમનું જીવનકાર્ય જોતાં એ સ્પષ્ટ સમજાય છે કે તેઓ ચોક્કસ



સેવાનું ધ્યેય લઈને પાઠ ભજવવા આવ્યા હતા, અને એ પાઠ પૂર્ણ થતાં શાંતિથી વિદાય થઈ ગયા. પોતાપર પોતાના સ્વજનોના મોહ કે આસક્તિના રંગ ચડવા દીધા ન હતા. ક્યાંય જરાપણ લપટાયા સિવાય તેમણે પારકાં અને પોતાના ભેદ રહેવા દીધા ન હતા. આપણે એક નાનકડું ઉદાહરણ પણ તેમના જીવનમાંથી શોધી નહીં શકીએ કે જેમાં તેમણે પોતાના અંગત કુટુંબીજનોના મોહને વશ થઈ બીજાઓની સેવામાં તલભાર પણ બેદરકારી સેવી હોય! તેમના જીવનમાં પોતાના કરતાં પારકાઓનો હાથ હમેશાં ઉપર રહ્યો છે. આ જનકલ્યાણની ભાવના, નિઃસ્વાર્થ અને નિઃસ્પૃહ સેવાભાવના જ તેમના દૈવી આગમનને પ્રકટ કરે છે. એટલે પૂ. માએ પણ તેમની વિદાયને કેવી રીતે સહજ સ્વીકારી લીધી હતી તે પ્રસંગ શ્રી વિનોદભાઈની પાર્થિવ વિદાય પહેલાં અદ્ભુત રીતે આકાર પામ્યા હતો.

એક વખત વડોદરા ધ્યાનકેન્દ્ર તરફથી સરળગીતાનાં પુસ્તકો લેવા જવાનું એક સાધકને સોંપવામાં આવ્યું. પરંતુ કોઈ અગમ્ય કારણસર પેલા સાધક ભાઈને બદલે શ્રી વિનોદભાઈને ભાવનગર શ્રી નારાયણભાઈને ઘેર પુસ્તકો લેવા જવાનું બન્યું. શ્રી વિનોદભાઈ ભાવનગર પહોંચ્યા તે રાત્રે પૂ. માનો અમેરિકાથી શ્રી નારાયણભાઈ પર ફોન આવ્યો. શ્રી નારાયણભાઈ ગેરહાજર હતા એટલે પૂ. માએ પૂછ્યું કે કોણ છે અત્યારે ઘરમાં? તેમના પુત્ર શ્રી અજયભાઈએ કહ્યું કે શ્રી વિનોદભાઈ વડોદરાથી આવ્યા છે. એટલે પૂ. માએ તુરત જ કહ્યું કે શ્રી વિનોદભાઈને ફોન આપો. તે વખતે વહેલી સવારના ત્રણ થયા હતા. શ્રી વિનોદભાઈએ ફોન લીધો એટલે પૂ. માએ પહેલો જ પ્રશ્ન પૂછ્યો "વિનોદભાઈ, તમને ઘરની કાંઈ ચિંતા ખરી? દીકરીઓની કાંઈ ચિંતા હોય તો મને વાત કરો. કૈલાસબેનની તબિયતની ચિંતા તો નથી કરતાને?" શ્રી

વિનોદભાઈએ કહ્યું "મા, તમે સાક્ષાત બેઠાં છો પછી મારે કોઈની ચિંતા શા માટે કરવી પડે? તમે સૌને સંભાળો છો તેથી ઘરના કોઈ સભ્યોની ચિંતા મને થતી નથી. શ્રી અનિરુદ્ધભાઈને કેન્સર થયું છે તે એક માત્ર ચિંતા રહે છે."

પૂ. માએ ફોન પર એવી રીતે વાત કરી કે જાણે શ્રી વિનોદ-ભાઈને ભવિષ્યમાં કુટુંબની જવાબદારીમાંથી મુક્ત થવાનું હોય! પૂ. મા તો ત્રિકાળજ્ઞ પરમશક્તિ. તેઓ ઇચ્છે તો તેમનાથી કોઈ વાત છાની રહી શકે નહીં. પૂ. માએ આમ આડકતરી રીતે શ્રી વિનોદભાઈની પાર્થિવ વિદાયને સ્વીકારી લીધી હતી!

બીજી વાત, શ્રી વિનોદભાઈના અવસાનના એક અઠવાડિયા પહેલાં તેમની પુત્રી ગાયત્રીને સ્વપ્નદર્શન થયું. તેમાં તેને શ્રી વિનોદભાઈના પાર્થિવ શરીરનાં દર્શન થાય છે. જાગ્યા પછી પણ એ સ્વપ્નની સ્મૃતિ રહે છે. તેથી ઘરમાં સૌને વાત કરે છે. પરંતુ સ્વપ્નની વાત જાણી તેને સૌ હળવાશથી લે છે. પરંતુ તે સ્વપ્ન આખરે સત્ય ઠર્યું!

ત્રીજી વાત, તેમની ભૌતિક વિદાયના બે દિવસ પહેલાં તેઓ પોતાના નાનાભાઈની દીકરીના લગ્નમાં ગામડે ગયેલા. લગ્નની બધી જ જવાબદારી પોતે ઉઠાવી, રાત દિવસ અથાક મહેનત કરી લગ્ન સારી રીતે પાર પાડ્યા! સાંજે લગ્ન પત્યા પછી થોડું મોડું થયું હોવાથી સૌની એવી ઇચ્છા કે જાનને સવારે વિદાય આપવી. રાતનું જોખમ માથે ન લેવું. સૌ સહમત થયા, પરંતુ શ્રી વિનોદ-ભાઈએ એક પ્રકારની હઠ પકડી કે જાનને અત્યારે જ વિદાય આપી દેવી. ભારે સંઘર્ષ ચાલ્યો પરંતુ શ્રી વિનોદભાઈ એકના બે ન થયા! શ્રી વિનોદભાઈનો સ્વભાવ જોતાં તેમનાં આ હઠાગ્રહથી સૌને નવાઈ લાગી. ન છૂટકે શ્રી વિનોદભાઈ વડીલ હોવાથી તેમના અભિપ્રાયને સૌએ માન્ય રાખ્યો અને જાનને રાત્રે જ



વિદાય આપી દીધી. જાનને વિદાય આપી સૌ મહેમાનો માટે તેમણે પોતે જ પથારીઓની વ્યવસ્થા કરી. સૌને સુવાડ્યા પછી પોતે છેક છેલ્લે એક ઓશિકુ લઈને સૂતા. સૂતા પછી થોડી જ વારમાં "ૐ મા"નો મોટો આવાજ સંભળાયો. અવાજની અનૌપ-ચારિકતાથી સૌને નવાઈ લાગી. બાજુમાં સૂતેલા તેઓના જમાઈ ઉઠીને શ્રી વિનોદભાઈ પાસે આવ્યા તો તેમણે એક ક્ષણમાં જ પોતાના પાર્થિવ શરીરનો ત્યાગ કર્યો હતો!

પૂ. માનો અલૌકિક નિર્દેશ, શ્રી ગાયત્રીનું સ્વપ્નદર્શન અને પોતાને થયેલી સ્પષ્ટ આત્મપ્રતીતિને લીધે જાનની હઠપૂર્વકની વિદાય! આ ત્રણેય પ્રસંગો તેમનો જીવન સૂર્ય આથમે તે પહેલાં-ની જીવનસંધ્યાના વિદાયના વિવિધ રંગો હતા! જીવનાકાશમાં પોતાના સેવાકાર્યોની સુંદર રંગોળી પૂરી જીવનને સજાવતા તેઓ ચાલ્યા ગયા!

શ્રી વિનોદભાઈના જીવનમાં એક નાનું સરખું કાર્ય પણ એવું નહોતું કે જેને લીધે પસ્તાવું પડે. તેમના સત્કાર્યોની સુવાસથી મઘમઘતા જીવનનો શું અફસોસ કરવાનો હોય? પ્રભુના પાર્ષદો પોતાનું ચોક્કસ જીવનધ્યેય લઈને આ પૃથ્વી પર આવે છે તે પૂર્ણ કરીને વળી બીજે જ્યાં જરૂર હોય ત્યાં, પોતાના સેવાકાર્યોની સુવાસ પ્રસરાવવા અવતાર ધારણ કરતા હોય છે! તેમના કુટુંબી-જનો અને આપણા સૌના એવા સદ્‌નશીબ કે આપણને તેમના સેવાકાર્યોના સાક્ષી બનાવી તેમનું દૈવી સાન્નિધ્ય આપ્યું! આપણ-ને તેમની વિદાયનો અફસોસ એટલો કે તેમનું પ્રસન્ન, મધુર, નમ્ર, સૌમ્ય અને સદાય શ્રીહરિના કાર્યોથી હરિયાળું અને ધબકતું જીવનદર્શન નહીં પામી શકીએ. પુણ્યો તેમનાં નહીં પણ આપણાં ખૂટ્યાં એટલે આપણી વચ્ચેથી તેઓ વિદાય થઈ ગયા! પરંતુ એ પહેલાં આપણામાં સૌમાં સેવાકાર્યોનો પ્રેરણાસ્રોત પ્રકટાવી ગયા.

શ્રી કૈલાસબેન, સ્મિતા, જ્યોતિ, ગાયત્રી, કીર્તિ અને આશિષના રૂપમાં તેમનો સમૃદ્ધ સંસાર વારસો મૂકતા ગયા છે. શ્રી કૈલાસ-બેન તો સાક્ષાત્ સંસ્કારલક્ષ્મી છે, તેમનાં સંતાનો પણ પિતાના આધ્યાત્મિક સંસ્કારોને ઉજાળે તેવાં છે. તેમનું ઘર કોઈ સાધારણ ઘર નહીં, પણ સંસ્કારધામ કે તીર્થરૂપ છે.

પ્રભુના એ પાર્ષદને લાખો લાખો સલામ! તેમના જીવનમંત્ર જેવા સેવાકાર્યોના વારસાને દીપાવી તેમને સાચી શ્રદ્ધાંજલિ અર્પી પ્રાર્થીએ.

માનવતાના માળી બનીએ, પૂજતા રોજ તને,
કોઈની પણ ઉન્નતિસાધે એવું જીવન દે;
પરોપકારે પ્રીત ભલે હો, સેવાનું સુખ દે,
ન્યાયપંથ પર પગલાં ભરીયે, છોડી અનૃતને.
અમારા બાહુમા બળ દે....ૐ મા.

**પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ભારતમાં પધાર્યાં છે**

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી ઇંગ્લેન્ડ, કેનેડા અને અમેરિકાની તેર માસની ધાર્મિક યાત્રા પછી ભારત પધાર્યાં છે. તેની નોંધ સર્વે સાધક ભાઈબહેનોને લેવા વિનંતી છે.

પૂ. માનું ભારતમાં સહુ સાધકો તરફથી ખૂબ ખૂબ પ્રેમપૂર્વક હાર્દિક સ્વાગત છે.

— તંત્રી



# પાલવ પ્રસારી લે

(ગઝલ)

ખુશીનો ત્યાગ કર તું બે ઘડી આ મનને મારી લે.
કરી સ્મરણ પ્રભુ કેરું અને આતમ ઉગારી લે.

ધરમ તારો સંભાળી પાપ તારું તું પોકારી લે.
ફરી આ જિંદગી મળશે નહીં માનવ વિચારી લે.

છે ભવસાગર સમી દુનિયા તરી જાને બની તરણું,
જીવન છે જીવવા જેવું જીવનની નાવ તારી લે.

દુ:ખીના દૂર કર દુ:ખ તું દુ:ખીયો થૈ ઝરણ વહેજે,
મળ્યો છે દેહ માનવ માનવી મનખો સુધારી લે.

દયાળુ છે દયા કરશે ભજી લે ભાવથી "નાકામ"
કરીને પ્રાર્થના ભગવાનની પાલવ પસારી લે.

— નાકામબાબુ કચ્છી

## ૐ નમઃ શિવાય

(ગાન)

ૐ નમઃ શિવાય, હો જીવન જગત હિતાય,

વિભુતાણું આ જગ સુંદર છે, વિભુએ દીધું શરીર,
મંદિર વિભુનું માની લઇએ, કરવું જીવન–ફકીર
ૐ નમઃ શિવાય, હો જીવન જગત હિતાય.

વિભુની શક્તિ વિભુને કાજે, બુદ્ધિ સહુ તદબીર
પુરુષાતન સબ જગ કાજે જો, હોય સફળ તકદીર
ૐ નમઃ શિવાય, હો જીવન જગત હિતાય.

સૂર્ય ચંદ્ર ને તારક ઝરણાં, મંદ પવનની લકીર
પળભર ના વિશ્રાંતિ કરતાં, જગહિત કાજ અધીર.
ૐ નમઃ શિવાય, હો જીવન જગત હિતાય.

વન ઉપવન ને સરિતા સાગર, ફૂલડાં વાદળ ગિર
જીવન સબ ન્યોછાવર કરતા, સ્વારથ નહિ લગીર
ૐ નમઃ શિવાય, હો જીવન જગત હિતાય.

ડૉ. ધર્મેન્દ્ર મ. માસ્તર (મધુરમ્)



## ભૂલ લાગે છે

મને મારી સમજશક્તિ વિષે કૈં ભૂલ લાગે છે,
કહો છો કૈં ને સમજું કંઇ! સુંવાળું ફુલ લાગે છે. મને મારી૦

નથી ભાષા તણો પંડિત, પરંતુ કૈંક તો સમજું,
વિચારોના વમળ માંહીં હૃદય પણ ડૂલ લાગે છે. મને મારી૦

હૃદયથી સત્યને ગ્રહવાની મારી કામના ઊંડી,
પરંતુ ગેરસમજણથી સમજનો પૂલ ભાંગે છે. મને મારી૦

સદા સદ્‌ભાવનાં પુષ્પો ખીલવવાની તમન્ના પણ,
તહીં સંકોચના કણ્ટક સૂતેલા શીઘ્ર જાગે છે. મને મારી૦

હવે તો મૌનના સાગર મહીં ડૂબવું 'અનામી' ને,
પરીક્ષા આખરી કરવી, હૃદયને કોણ તાગે છે? મને મારી૦

ડૉ. રણજિત પટેલ (અનામી)

### લવાજમ

અધ્યાત્મ માસિકનું ૧૪ મું વર્ષ સપ્ટે. ૯૩ માં પૂરું થાય છે. જે ગ્રાહકો નવા વર્ષની શરૂઆતથી જ અંક મેળવવાની ઇચ્છા રાખતા હોય તેઓએ પોતાનાં લવાજમો ધ્યાનકેન્દ્રો મારફત અગર મનીઓર્ડરથી તંત્રી અધ્યાત્મ (નારાયણ હ. જાની) પ્લોટ નં. ૧૬૮૮ બી., સરદારનગર, ભાવનગર–૧ જલ્દીથી મોકલાવવા વિનંતી છે. તંત્રી.

# યોગ શું છે?

યોગાચાર્ય શ્રી દુષ્યંતભાઈ મોદી

આજે સામાન્ય લોકોમાં પણ "યોગ" શબ્દ ખૂબ જ વ્યાપક બન્યો છે. શારીરિક, માનસિક અને વ્યવહારિક અસમાનતાના આ યુગની અંદર ખરેખર યોગની મહત્તા લોકોને સમજાવવા લાગી છે. જીવનમાં ઊણપની અનુભૂતિ થાય છે ત્યારે યોગની જરૂરિયાત જણાય છે. પછી એ ઊણપ શારીરિક શક્તિની, માનસિક શક્તિની, આત્માની શક્તિની હોય કે આર્થિક શક્તિની હોય. દરેક પ્રકારના લક્ષ્યની ભૂમિકા અલગ અલગ છે પરંતુ યોગ દરેક ભૂમિકા માટે ઉપયોગી છે.

યોગ સંસ્કૃત શબ્દ છે. જેનો અર્થ જોડવું કે મેળાપ કરી આપવો એવો થાય છે. યોગ એટલે શિવ સાથે આત્મનું મિલન. શબ્દાર્થની દૃષ્ટિએ યોગ એટલે મેળાપ. આત્માનું પરમાત્મા સાથે મિલન. આપણને પરમ તત્ત્વ સાથે જે મેળવી આપે તે યોગ. મહર્ષિ પતંજલિના કથન મુજબ **ચિત્તવૃત્તિ નિરોધઃ યોગઃ।** રાજસ અને તમામ ભાવો દૂર કરી ચિત્તને નાના પ્રકારની વૃત્તિ અર્થાત્ સ્વરૂપો ધારણ કરતું અટકાવવું તેને યોગ કહે છે. જે વિજ્ઞાન આત્મજ્ઞાન પ્રાપ્તિનો મંત્ર બતાવે તેને યોગશાસ્ત્ર કહે છે.

ગીતામાં કહ્યું છે કે, **"સમત્વમ્ યોગ ઉચ્યતે", સમતા એ યોગ છે.** એટલે સુખ–દુઃખ, માન–અપમાન, રાગ–દ્વેષ, જય–પરાજય વગેરે દ્વન્દ્વોમાં એકરૂપ અને અડગ રહેવું અને ચિત્ત પર તેમની અસર ન થવા દેવી તે યોગ છે.



યોગઃ કર્મસુ કૌશલમ્–કુશળતાપૂર્વક, નિઃસ્પૃહભાવે કર્મો કરવાં અને ઈશ્વરને અર્પણ કરવાં. આવાં આવાં કાર્યો યજ્ઞરૂપ છે અને જન્મ જન્માંતરમાં બાધક નથી. યજ્ઞો વૈ વિષ્ણુઃ।

શ્રી હેમચંદ્રાચાર્યના મત પ્રમાણે, "સર્વ ચિંતા પરિત્યાગો નિશ્ચિન્તો યોગ ઉચ્યતે।" બધી ચિંતાઓને ત્યજીને ચિંતા રહિત બનવું એ યોગ છે.

યોગના સંબંધમાં જુદાં જુદાં ઉપનિષદોમાં છૂટા છૂટા વિચારો જોવા મળે છે. યાજ્ઞવલ્ક્ય ઋષિએ પણ યોગ સંબંધી ઘણા વિચારો આપ્યા છે. આ ઉપરાંત શ્રી શિવ સંહિતા, શ્રી યોગ વશિષ્ઠ, શ્રી હઠયોગ પ્રદીપિકા, શ્રી ગોરક્ષશતક, વગેરે ગ્રંથો યોગવિદ્યાનું નિરૂપણ કરતા ઉત્તમ ગ્રંથો છે. આ તમામ વિચારોને પતંજલિ ઋષિએ એકત્ર કરીને ઉત્તમ એવા પાતંજલ યોગદર્શનની રચના કરી છે.

શ્રી વેદવ્યાસે, શ્રી રામનુજાચાર્યે, શ્રી વલ્લભાચાર્યે, શ્રી સહજાનંદસ્વામીએ, શ્રી રામકૃષ્ણ પરમહંસે, શ્રી વિવેકાનંદે, શ્રી રમણ મહર્ષિએ મહર્ષિ શ્રી અરવિંદે અને મહાત્મા શ્રી યોગેશ્વરજીએ યોગને જરા પણ વિસાર્યો નથી. અરે, બૌદ્ધોએ અને જૈનોએ પણ ઘણા અંશે યોગ માર્ગ અપનાવ્યો છે.

યોગ દ્વારા માનસિક, શારીરિક અને આધ્યાત્મિક તંદુરસ્તી પ્રાપ્ત કરી શકાય છે. ઘણા લોકોને યોગ વિષે સાચો ખ્યાલ હોતો નથી. તેઓ એવું માને છે કે યોગ એ અશુદ્ધ કે મેલીવિદ્યાનો પ્રકાર છે. ગૂઢ જંતર, મંતર, હાથચાલાકી છે. યોગાભ્યાસ અતિ જોખમકારક છે. જેણે જગતનો ત્યાગ કર્યો હોય તેવા ગણ્યા ગાંઠ્યા મહાત્માઓ માટે તે છે.

ખરેખર યોગ એ વિજ્ઞાન, તત્ત્વજ્ઞાન અને જીવનની એવી પ્રણાલિ છે કે જેમાં કોઇ મતાગ્રહને સ્થાન જ નથી, જેનો લાભ કોઇ પણ લિંગ, જાતિ, રાષ્ટ્ર, ધર્મ કે સમ્પ્રદાયથી મર્યાદિત નથી. કોઇ પણ વ્યક્તિ પછી તે હિંદુ હોય કે મુસ્લિમ, ખ્રિસ્તી હોય કે પારસી, રશિયન હોય કે અમેરિકન, સમાજવાદી હોય કે ફાસી-વાદી, પરંતુ તે યોગના ગમે તે અંગોને આચરી તેનો સંપૂર્ણ લાભ ઊઠાવી શકે છે. તેમ કરવા માટે તેને પોતાની માન્યતાઓ, ધર્મ, પંથ કે પરમ્પરા છોડવાની જરૂર નથી.

યોગના અનેક માર્ગો છેઃ–૧. ભક્તિયોગ ૨. જ્ઞાનયોગ ૩. કર્મયોગ ૪. રાજયોગ ૫. હઠયોગ.

આ બધા માર્ગો આત્મપ્રાપ્તિ તરફ લઇ જાય છે.

તો હવે આપણે "હઠયોગ" વિષે જોઇએ. "હઠ" શબ્દ 'હ' અને 'ઠ' બે અક્ષરોનો બનેલો છે.

'હ'નો અર્થ સૂર્ય (પિંગલા) નાડી અને 'ઠ'નો અર્થ ચંદ્ર (ઇડા) નાડી થાય છે. આ શબ્દો અનુક્રમે જમણી અને ડાબી નાસિકામાંથી નીકળતા શ્વાસોચ્છ્વાસ દર્શાવે છે. હઠયોગ શ્વાસના નિયંત્રણ દ્વારા સૂર્ય અને ચંદ્રનો પ્રાણ અને અપાનનો સુમેળ સાધવાનું શીખવે છે. હઠયોગ શરીર અને મનને સાચું સ્વાસ્થ્ય અર્પી તંદુરસ્તી અને દીર્ઘાયુષ્ય બક્ષે છે. હઠયોગ અને રાજયોગ એ બંનેના જ્ઞાન અને અનુભવ વગર કોઇ પણ વ્યક્તિ સંપૂર્ણ યોગી બની શકે નહીં.

હઠયોગમાં આઠ અંગો છે. આથી તેને "અષ્ટાંગયોગ" પણ કહેવામાં આવે છે.

૧. યમ ૨. નિયમ ૩. આસન ૪. પ્રાણાયામ ૫. પ્રત્યાહાર ૬. ધારણા ૭. ધ્યાન ૮. સમાધિ.



(યમ) નૈતિક અંકુશ પાંચ તત્ત્વોનો સમૂહઃ–અહિંસા, સત્ય, અસ્તેય, બ્રહ્મચર્ય, અપરિગ્રહ.

(૧) જીવમાત્રને મન, વાણી અને કર્મથી દુઃખ ન આપવું તે જ "અહિંસા".

(૨) હંમેશાં સાચું બોલવું, પ્રિય બોલવું, સાચું કામ કરવું અને અસત્યથી બને તેટલું દૂર રહેવું તે જ "સત્ય".

(૩) ચોરી ન કરવી, કામ–ચોર ન થવું. મહેનત કરી જરૂરિયાત જેટલું કમાવું, હરામનું પચાવી પાડવાની ઇચ્છા ન કરવી, તે જ "અસ્તેય".

(૪) આપણી શક્તિનો વ્યય અટકાવવો. એટલે કે સમસ્ત ઇન્દ્રિયો સહિત કામ વિકાર પરનો સંયમ એટલે કે "બ્રહ્મચર્ય".

(૫) ભોગવિલાસના પદાર્થનો સંગ્રહ ન કરવો, ધનનો લોભ ન કરવો. બીજાની વસ્તુ જોઇ તે વસ્તુ લેવા–ભોગવવાનો આગ્રહ ન રાખવો, તે જ "અપરિગ્રહ".

આ પાંચે યમનો શક્ય તેટલો પોતાના નિજ જીવનમાં અમલ કરી બીજાને દાખલારૂપ જીવન જીવી, સારા નાગરિક બની આધ્યાત્મિક ઉન્નતિ સાધી દિવ્યતાને પામવાનું છે.

નિયમ (આધ્યાત્મિક અનુપાલન). નિયમ પણ પાંચ તત્ત્વોનો સમૂહ છેઃ–શૌચ, સંતોષ, સ્વાધ્યાય, તપ, ઈશ્વર પ્રણિધાન.

(૧) શૌચ : નેતિ, ધૌતિ, નૌલિ, બસ્તી અને કપાલભાતિ, આ પાંચ પ્રકારની ક્રિયા વડે તનને શુદ્ધ કરવું. સાથે નિત્ય ઠંડા પાણી દ્વારા શારીરિક શુદ્ધિ અને સદ્‌વિચાર, સારા ભજનોના શ્રવણ દ્વારા માનસિક શુદ્ધિ થાય છે. આમ તન અને મનની પવિત્રતા જાળવવી તે "શૌચ".

(૨) સંતોષ : અનુકૂળ તેમ જ પ્રતિકૂળ પરિસ્થિતિમાં, યાને જે સ્થિતિમાં પ્રભુ રાખે તેમાં પ્રસન્ન રહેવું. જે આવક હોય તે પ્રમાણે ખર્ચ કરવો. દેવું કરવું નહીં. સાદું જીવન જીવવું તે "સંતોષ".

(૩) સ્વાધ્યાય : યોગનાં તમામ અંગોનો નિયમિત અભ્યાસ કરવો, "સ્વ"નું અધ્યયન કરવું. પોતાનો દૈનિક ચાર્ટ રાખવો, સારું વાંચન વાંચવું, અને વાંચેલું વિચારી જીવનમાં ઉતારવાનો પ્રમાણિક પ્રયત્ન કરવો, તે "સ્વાધ્યાય".

(૪) તપ : સુખ–દુઃખ, ઠંડી–ગરમી જેવી તકલીફોમાં મન સ્થિર રાખી પોતાની નિત્ય સાધનામાં રત રહેવું, નિઃસ્વાર્થ સેવા કરવી, ખોરાકમાં ફળાહાર, હળવો સુપાચ્ય આહાર લેવો, અને એકાન્તમાં બેસી ધ્યાન, યોગ, મંત્રજાપ, મનન, ચિંતન કરવું તે પણ એક પ્રકારનું "તપ" છે.

(૫) ઈશ્વર પ્રણિધાન : આપણે જે કાંઇ કરીએ તે સૌના હિતમાં, પ્રભુની ખાતર જ કરીએ તેવી શુદ્ધ ભાવના રાખી, ફળની અપેક્ષા રહિત નિઃસ્વાર્થ ભાવે દરેક કર્મ કરવાં. આ પ્રમાણે કરવાથી કામમાં ઉત્સાહ અને ખંત આવે છે. સુખ–દુઃખ, સારું–ખરાબ, લાભ–નુકશાન વગેરેથી દૂર થવાય છે. નિરાંતે નિદ્રા આવે છે. ટૂંકમાં મન, પ્રાણ, ઈન્દ્રિયો તથા બુદ્ધિ પ્રભુને સમર્પિત કરવાં તેને ઈશ્વર–પ્રણિધાન કહેવામાં આવે છે.

(ક્રમશઃ)



# મા શ્રી શારદા દેવી

સ્વામી ગંભીરાનંદ

શ્રી રામકૃષ્ણદેવે મા શ્રી શારદા દેવીની સાક્ષાત્ જગદંબા સમજી 'ષોડશી પૂજા' કરેલ તે પ્રસંગ અગાઉ 'અધ્યાત્મ'નાં અંકમાં રજૂ થઇ ગએલ છે.

શ્રી રામકૃષ્ણ મોટા ભાગે ભગવદ્ભાવમાં જ તન્મય રહેતા. તેઓ વારંવાર ભાવ–સમાધિમાં આવી જતા. તેમને સંસારમાં કોઇ આસક્તિ ન હતી. મા શારદાએ પોતાનું સમગ્ર જીવન તેમનાં ચરણે સમર્પિત કરી દીધેલ, ફક્ત રામકૃષ્ણદેવની સેવા જ જેમના જીવનનો એકમાત્ર ઉદ્દેશ હતો તે માની તેઓ કેટલી બધી સંભાળ રાખતા તે નીચેનાં પ્રસંગો પરથી આપણે સમજી શકીએ છીએ.

'ષોડશી પૂજા' પછી મા શારદા ઠાકુરના ઓરડામાં જ શયન કરતાં. એક બાજુ પતિના સાન્નિધ્યમાં તેમને આનંદ મળતો તો બીજી બાજુ ઠાકુરના અદ્ભુતભાવ અને સમાધિ અવસ્થાથી સંપૂર્ણ પરિચિત ન હોવાથી ભયનાં કારણે ઊંઘ વગરની રાત્રિઓ પસાર કરવી પડતી.

શ્રી ઠાકુર દિવ્ય આવેશમાં આવી જઇને કોઇક વાર ગૂઢ વિષયોની વાતો કરતા, કોઇ વાર હસતા તો કોઇ વાર રડતા, અને કોઇક વાર તો સમાધિમાં તદ્દન સ્થિર થઇ જતા. આવું તો રાત-ભર ચાલ્યા કરતું. એમનામાં કોઇ એવો અસાધારણ દિવ્ય ભાવ પ્રકટ થઇ રહેતો કે મા બીકથી ધ્રૂજ્યાં કરતાં અને રાત ક્યારે પૂરી થશે એના વિચારો કરતાં. તે સમયે માને સમાધિ કોને કહેવાય તેની મુદ્દલ ખબર ન હતી.

એક રાત્રિએ તો ઠાકુરની સમાધિ કોઇ રીતે ઊતરી નહિ તેથી મા અત્યંત ગભરાઇ ગયાં. મા રડી પડયાં. માએ કાલીની મા મારફત હૃદયને (હૃદયનાથ, તેમનો ભાણેજ) બોલાવ્યો. એ આવ્યો અને આવીને ઠાકુરના કાનમાં ઈશ્વરનાં નામ બોલવા લાગ્યો, ત્યાર પછી જ ધીરે ધીરે તેમને બાહ્યભાન આવ્યું. બીજે દિવસે શ્રી રામકૃષ્ણને ખબર પડી કે રોજ રાતે માને હેરાનગતિ થાય છે, એટલે એમણે પોતે જ અમુક પ્રકારની સમાધિ થાય ત્યારે અમુક પ્રકારનું ઈશ્વરીય નામ લેવું અને અમુક પ્રકારનાં ચિહ્નો જણાય ત્યારે અમુક મંત્રો કાનમાં બોલવાનું શીખવી રાખ્યું. આ પછી માનો ગભરાટ ઓછો થયો. શ્રી ઠાકુરે કહેલ રીત અજમાવતાં એટલે એમને પાછું ભાન આવી જતું. આ રીતે કેટલાય માસ પસાર થઇ ગયા. છતાંય તેમને ક્યારે કયા પ્રકારની સમાધિ થશે એ ચિંતામાં માને આખી રાત ઉજાગરો થાય છે, એ વાતની એક દિવસ ઠાકુરને ખબર પડતાં તેમણે માને નોબતખાનામાં સૂવાને કહ્યું.

સારવાર માટે શ્રી રામકૃષ્ણદેવ દક્ષિણેશ્વર છોડી શ્યામપુકુર ગયા ત્યારે માતાજી એકલાં ચિંતામાં દિવસો વિતાવતાં હતાં. એક દિવસ ગુલાબમાએ વાતવાતમાં યોગિનમાને કહ્યું, “જો યોગેન, ઠાકુર કદાચ મા ઉપર ગુસ્સે થઇને કલકત્તા ચાલ્યા ગયા લાગે છે.” (મા શારદા દેવીની અવતારલીલામાં યોગીનમા અને ગુલાબ-મા, જયા અને વિજ્યા સમા હતાં. જયા ને વિજ્યા જગદંબાની બે સખીઓ તરીકે જાણીતાં છે. માતાજી પાછળથી તેમને તે રીતે જ ઓળખાવતાં. તે બંને જીવ પર માની કેટલી બધી કૃપા હશે તે સમજી શકાય તેમ છે.)

એ વાત યોગીનમાએ માતાજીને કહી. મા તરત જ ઘોડાગાડી કરીને શ્યામપુકુર ગયાં અને રડતાં રડતાં ઠાકુરને પૂછ્યું, “શું તમે



મારા ઉપર ગુસ્સે થઇને અહીં ચાલ્યા આવ્યા છો?” ઠાકુર બોલ્યા. “ના, ના, આવી વાત વળી તમને કોણે કરી?” ગુલાબે કહ્યું, “એમ? આવી વાત કરી એણે તમને રડાવ્યાં? **એને ખબર નથી કે તમે કોણ છો?** ક્યાં છે ગુલાબ? મારી પાસે એક વાર આવવા દો.” આથી માતાજીને શાંતિ થઇ અને દક્ષિણેશ્વર પાછાં ફર્યાં. આ પછી ગુલાબમા જ્યારે ઠાકુર પાસે ગયાં ત્યારે એમને ઠપકો આપતાં ઠાકુરે કહ્યું, “તેં એમને શી વાત કરી આટલાં રડાવ્યાં? **ખબર છે એ કોણ છે?**

(આમ કહેવા પાછળ ઠાકુરનો માના દેવીત્વ વિષે આડકતરો નિર્દેષ છે) હમણાં જ જઇને એની માફી માગી આવ.” તરત જ ગુલાબમા પગે ચાલીને દક્ષિણેશ્વર આવ્યાં અને માતાજીની પાસે આવી રડતાં રડતાં કહ્યું, “મા, ઠાકુર મારી ઉપર ખૂબ ગુસ્સે થયા છે. મેં સમજ્યા વિના આમ કહી નાખ્યું.” માતાજીએ કંઇ જવાબ ન આપતાં, પણ હસતાં હસતાં ‘ઓ ગુલાબ’ એમ બોલતાં એની પીઠ ઉપર બે ત્રણ વાર હાથ થાબડયો તેથી ગુલાબમાનું દુ:ખ દૂર થયું.

O

શ્રી યોગેશ્વર કૃપા

સંદીપ વેલ્ડીંગ વર્કસ

**ગ્રીલ, દરવાજા, તેમજ મેઇન ગેટના સ્પેશ્યાલીસ્ટ**
**તેમજ**
**દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.**
મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત-૩૯૫ ૦૦૭.**

### પ. પૂ. યોગેશ્વરજીના

# જન્મદિનની ઉજવણી

તંત્રી

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનો ૭૨ મો જન્મ મહોત્સવ અમદાવાદના આંગણે સરસ રીતે તા. ૧૫ મી ઓગસ્ટે ઉજવાયો. આ પ્રસંગે પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીની ઉપસ્થિતિથી ઘણી મોટી સંખ્યામાં ગુજરાતના ખૂણેખૂણાથી, તેમ જ છેક મુંબઈથી, સ્પેશિયલ બસ કરીને, સાધક ભાઈબહેનો આવ્યાં. પૂ. શ્રી યોગેશ્વરજીના તેમ જ પૂ. માનાં સ્વરૂપોનું પૂજન શ્રી વિજયભાઈ પુરોહિતે (પંડિતજીએ) ખૂબ ભાવપૂર્વક કરાવ્યું, જ્યારે આ સ્વરૂપપૂજનોનો લાભ શ્રી બાબુભાઈ વોરા, તેઓનાં ધર્મપત્ની શ્રી મધુબેન, અમેરિકાના પૂ. માના અનન્ય ભક્ત એવા શ્રી વિનોદભાઈ પટેલ અને પૂ. મા સાથે વિદેશથી આવનાર શ્રી ભારતીબેન ભક્તને મળ્યો.

પ્રારંભમાં અડધા કલાકના ધ્યાન પછી શ્રી સુરેશભાઈ જાની અને જયશ્રીબેન વોરાએ ભજનો રજુ કર્યાં હતાં. તે પછી કેનેડાના ટોરન્ટો શહેરમાં બાલ–બાલિકાઓ અને યુવાન સાધકોએ પૂ. માની હાજરીમાં સને ૧૯૯૨ ના પંદરમી ઓગસ્ટે 'પ્રકાશના પંથે'નું જે નાટયરૂપાંતર ભજવેલું, તેની વિડિયો કેસેટ ભારતના સાધક ભાઈબહેનોને આ પ્રસંગે ખાસ દેખાડવામાં આવી. વિદેશમાં વસતા બાળ–યુવકોનો આ નવતર પ્રયોગ ખરે જ અભિનંદનીય લાગ્યો.



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના પ્રાકટયનું મહત્ત્વ સમજાવીને તેઓના ઉપદેશેલ માર્ગે ચાલવા, તેઓના ગુણો જીવનમાં ઉતારવા તેમ જ જીવનને પ્રભુપરાયણ બનાવવા શ્રી નારાયણભાઈ જાનીએ ખાસ જણાવ્યું. પરમહંસ શ્રી રામકૃષ્ણદેવની જેમ શ્રી યોગેશ્વરજીએ પણ મા જગદંબાને પોતાનાં ઉપાસ્ય બનાવી કોઈ લૌકિક ગુરુની સહાય વગર, પોતાનો સાધનાપથ કંડારી, પોતાનું જીવનધ્યેય હાંસલ કર્યું. એટલું જ નહિ, પરંતુ પોતાના ઉપાસ્ય મા જગદંબાને મા સર્વેશ્વરીરૂપે મનુષ્યરૂપે અવતરિત કરી, એક નવા જ પ્રકારનો આધ્યાત્મિક ઇતિહાસ સર્જ્યો.

વિશેષમાં તેઓએ કહ્યું કે પ્રભુ શ્રી રામકૃષ્ણદેવની સાધનાને જાણે આગળ ચલાવતા હોય તેમ શ્રી યોગેશ્વરજીએ પોતાના જીવનકાળ દરમ્યાન ભારતીય તત્ત્વજ્ઞાનના ગ્રંથોના સારને જાતે અભ્યાસ કરી આત્મસાત્ કર્યો. તે પછી તેને આજના યુગના સંદર્ભમાં સમજાવતાં અનેક પુસ્તકો લખ્યાં. વળી મા ભગવતીના પ્રશસ્તિરૂપ ભક્તિભાવપૂર્ણ ઘણાં પદો જાતે રચી, મધુરકંઠે ગાયાં. 'પ્રાર્થના એ જ સાધના'નું સૂત્ર પોતાના જીવનમાં પૂર્ણપણે આચરી બતાવ્યું. પ્રભુનો પ્રત્યક્ષ પરિચય પામેલા આવા સિદ્ધ ગુરુઓ આજના યુગમાં મળવા મુશ્કેલ છે. એ રીતે જોતાં આપણે સહુ ભાગ્યશાળી કે પૂ. યોગેશ્વરજી અને પૂ. મા જેવાં પરમ તપસ્વીનીનો પ્રભુએ આપણને મેળાપ કરાવી આપ્યો. આપણે હવે જો તેમનો લાભ ના લઈએ તો કમનસીબ લેખાઈએ; એમ જણાવી શ્રી જાનીએ પોતાનું વક્તવ્ય પૂરું કર્યું.

નાદુરસ્ત તબીયત છતાં પૂ. માએ આ પ્રસંગે ઉપસ્થિત રહી, સાધકોને મૌનનું મહત્ત્વ સમજી, જીવનમાં તેનું આચરણ કરવા ખાસ અનુરોધ કર્યો. તે ઉપરાંત, અમેરિકાના ૯૦ દિવસોના મૌન દરમ્યાન સ્વયંસ્ફુરણાથી રચાયેલ કેટલાંક ભાવપૂર્ણ પદોની

પ્રસાદીનો આસ્વાદ પોતાના મધુરકંઠે ગાઈ, ઉપસ્થિત સાધકોને કરાવી, તેઓને પ્રસન્ન અને મુગ્ધ કરી દીધા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન મોરબીના શ્રી હરિભાઈ ભોજાણીએ કર્યું. આજના મિષ્ટાન્ન ભોજનનો સમગ્ર ખર્ચ મા–પ્રભુના ભક્ત શ્રી કુમુદચંદ્ર ત્રિવેદીએ આપ્યો હતો. તથા પરદેશથી આવેલ શ્રીવિનોદભાઈ પટેલ તરફથી સાધક ભાઈબહેનોને ભોજન પહેલા આઈસ્ક્રીમ આપવામાં આવ્યો હતો.

**શ્રી બાબુભાઈ વોરાના ૮૦ મા વર્ષપ્રવેશ નિમિત્તે**

**ખાસ વિશેષ કાર્યક્રમ**

ભારતીય તિથિ પ્રમાણે સેવામૂર્તિ શ્રી બાબુભાઈ વોરાનો આજે ૮૦ મા વર્ષમાં પ્રવેશ થતો હતો. આથી તેઓ તેમ જ તેઓના પરિવારની પૂ. મહાત્માજી, પૂ. મા તેમ જ સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ અંગેની સંનિષ્ઠ સેવાઓને બીરદાવતું એક સન્માનપત્ર પૂ. મા શ્રી સર્વેશ્વરી હાથે પૂ. શ્રીના સ્વરૂપો તેમ જ ચાંદીનું શિવલિંગ વગેરે અર્પણ કરવામાં આવ્યું હતું. આ ઉપરાંત તેઓના બંને પુત્રો શ્રી દિવ્યાંગભાઈ અને ભવ્યાંગભાઈ અને તેઓની ધર્મપત્નીઓ શ્રીમતી નિખિલાબેન અને મીનળબેનને ભારતના તેમ જ વિદેશના સાધક–ભાઈબહેનો તરફથી પણ ભેટો આપવામાં આવી હતી.

શ્રી નારાયણભાઈ જાની અને શ્રી હરિભાઈ ભોજાણીએ શ્રી બાબુભાઈ વોરા અને તેઓના સમગ્ર પરિવારે પ. પૂ. શ્રી યોગેશ્વરજીની માંદગી પ્રસંગે તેમ જ તે પછી જે અદ્‌ભુત સેવા કરી હતી તે યાદ કરીને, તેને અંજલિ આપી હતી. આ ઉપરાંત શ્રી સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટને લગભગ છેલ્લા દોઢ દાયકાથી તેઓની સેવાઓનો જે લાભ મળ્યો છે, તે બીરદાવી હતી.



પ. પૂ. મા શ્રી સર્વેશ્વરીએ પણ શ્રી બાબુભાઈના સર્વોત્તમ ગુણો–સાદાઈ, સરળતા, પરિશ્રમ, ચોક્સાઈ ને કાર્ય પ્રત્યેની નિષ્ઠાને યુવાન સાધકોને અપનાવવા અનુરોધ કર્યો હતો. અંતમાં શ્રી બાબુભાઈ ઘણાં બધાં વર્ષો સુધી તંદુરસ્ત આરોગ્ય ભોગવી ટ્રસ્ટને અને સમાજને સેવા આપતા રહે તેવી મનોકામના વ્યક્ત કરી હતી.

પરિવાર સહિત પોતાના સન્માન બદલ શ્રી બાબુભાઈએ પૂ. મા અને સાધક ભાઈબહેનોનો આભાર માન્યો હતો.

બાહ્યત્યાગ તે ત્યાગ નહિ, આંતર ત્યાગજ ત્યાગ;
છોડી મનથી સર્વને, લે સુખસ્વરૂપ અગાધ.

IS:10001

ઓ. : ૨૫૬૬૮
ફે. : ૮૭૨૨૨
૮૭૬૨૪
ઘ. : ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.
–: બનાવનાર :–

કનેરીયા એન્જીનીયરીંગ વર્ક્સ
ઢેબર રોડ, રાજકોટ–૩૬૦૦૦૨

# સફળતાનું રહસ્ય

કમલ સુથાર

દરેક મનુષ્ય જીવનમાં સફળતા મેળવવા ઇચ્છતો હોય છે. કામ નાનું હોય કે મોટું પણ દરેક કામમાં સફળતાની દેવી પોતાના ગળામાં જ વરમાળા આરોપે એવી એની આંતરિક ઇચ્છા રહે છે. ઘણીવાર કેટલાય માણસો કોઇપણ કામમાં નિષ્ફળતા મળે તો નિરાશ થઇ જતા હોય છે. એ કાંતો ભાગ્યનો દોષ કાઢતા હોય છે. યા પરિસ્થિતિનો. યા પોતાની નિષ્ફળતાનું દોષારોપણ બીજા ઉપર કરતા હોય છે. કાંતો નિષ્ફળતા મળતાં ટૂંટિયાંવાળીને પડી રહેતા હોય છે. પરિણામે તે કદીય સફળ થતા નથી. પણ જીવનમાં દરેક કાર્યમાં સફળતા મેળવવા માટે જરૂર છે પ્રામાણિક પુરુષાર્થની. હિંમત, ધીરજ, શ્રદ્ધા અને આત્મવિશ્વાસની.

મહાન વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇનનું નામ તો તમે સાંભળ્યું જ હશે. તે મહાન ગણિતશાસ્ત્રી પણ હતા. તે જીવનમાં સફળ શી રીતે બન્યા તેનો તેમના જીવનનો એક પ્રસંગ આપણે જોઇએ.

એકવાર તે એક શાળામાં વાર્ષિકોત્સવ પ્રસંગે અતિથિ વિશેષ તરીકે ગયેલા. પ્રિન્સિપાલે તેમને માન–આદરથી આવકાર્યા. બધાય વિદ્યાર્થીઓએ આ પ્રેરકમૂર્તિને આદરથી સાંભળ્યા. પછી પ્રશ્નોત્તરીનો કાર્યક્રમ રખાયો હતો. આ મહાન્ વૈજ્ઞાનિક નિરાભિમાની હતા. સાદગી, ઊંચા વિચાર, બધાય પ્રત્યે સદ્ભાવ. પ્રશ્નોત્તરી દરમિયાન એક છાત્રે તેમને એમના જીવનની સફળતાના રહસ્ય



અંગે પ્રશ્ન પૂછ્યો. આ બુદ્ધિમાન વૈજ્ઞાનિકે શાન્તિથી તેનો પ્રત્યુત્તર આપતાં કહ્યું : "જ્યારે હું તમારા જેવડો હતો ત્યારે હું સ્કૂલમાં ભણતો હતો. ત્યારથી જ મેં મારું એક જીવનસૂત્ર બનાવેલું : "કદીય હિંમત ન હારવી."

અને આ જીવનસૂત્રમાં જ મારા જીવનની સફળતાનું રહસ્ય છુપાયેલું છે. શાળામાં ભણતો ત્યારે હું ખૂબ ઓછું બોલતો. બધા મને "બુદ્ધુ" કહેતા. પણ મને તેનો જરાય રંજ ન હતો. ગણિત નબળું હતું. એટલે ગણિત શિક્ષકો મારી હાંસી ઉડાડતા. ઉતારી પાડતા. છેલ્લી પાટલી ઉપર ઊભો રાખતા. પણ હું ગમે તેવા સંજોગોમાંય હિંમત ન હારતો. તેઓ કહેતા : "તને કદીય ગણિત ન આવડે." હું હિંમત રાખી નિશ્ચય કરતો. "હું પુરુષાર્થ કરીશ. મને ગણત જરૂર આવડશે. હું ગણિત શીખીને જ રહીશ." મેં ગણિત શીખવાનો પ્રયત્ન ચાલુ જ રાખ્યો. પુરુષાર્થ, ધગશ, હિંમત, અભ્યાસનિષ્ઠાથી આજે હું મહાન વૈજ્ઞાનિક ને ગણિતશાસ્ત્રી બન્યો છું. તે મને જોઇ શકો છો. આજ મારા જીવનની સફળતાનું રહસ્ય છે.

આ મહાન વૈજ્ઞાનિકની નિખાલસતાથી વિદ્યાર્થીઓ ખૂબ પ્રભાવિત થયા.

જીવનમાં જે સફળ થયા છે, તે મહાપુરુષોએ કદીય વ્યર્થ સમય બગાડયો નથી. સમયનો સદુપયોગ કર્યો છે. બીજાની નિંદા કરી જીવનને બરબાદ કરવામાં તે માનતા નથી. તેઓ બીજાની ટીકાની પરવા પણ કરતા નથી. આવા સુજ્ઞ, દૃઢ, નિશ્ચયી પુરુષો તો પોતાના લક્ષ્યને સિદ્ધ કરવામાં તન્મય રહે છે. સંત કબીરજીની જેમ :

"કૂતર ભૂંકત હૈ તો ભૂંકને દો,
તું રામ સમર તું રામ સમર."

તેઓ પ્રભુ–સ્મરણ કે લક્ષ્ય–ચિંતનમાં એકાગ્ર હોય છે પછી સફળતાની દેવી એમના ઉપર રિઝયા સિવાય શી રીતે રહે?

આવો જ એક બીજો દાખલો જોઇએ.

સ્વામી રામતીર્થ.

કોલેજમાં ભણતા ત્યારે બી. એ.ની પરીક્ષામાં એકવાર અનુત્તીર્ણ થયા. પણ તે હિંમત ન હાર્યા. ત્રુટિઓ શોધી. ફરી પુરુષાર્થરત બન્યા. અભ્યાસરત બન્યા. રાત–દિવસ બસ એક જ લક્ષ્ય–પરીક્ષામાં સફળતા મેળવવાનું. આડી–અવળી વાતોમાં પડે જ નહીં. નવરાં નખ્ખોદવાળે. એવાં નવરાંનો સંગ કદીય કરે જ નહીં. પુસ્તકસંગ, સત્સંગ, અભ્યાસરત. ફરી પરીક્ષા આપી, અને પરિણામ. બી. એ.ની પરીક્ષામાં પ્રથમ વર્ગમાં પ્રથમ નંબરે ઉત્તીર્ણ થયા. પણ જો તે નિરાશ થઈને પડી રહ્યા હોત તો?

કરોળિયો, ઝાળું રચવા કેવો સતત પુરુષાર્થરત રહે છે. તાંતણા તૂટે, સાંધે, તૂટે, સાંધે. પણ હિંમત ન હારે. પરિણામે ઝાળું રચવામાં તે સફળ બને છે.

સફળતાનું રહસ્ય છે : આત્મવિશ્વાસ, દૃઢ નિશ્ચય, પ્રામાણિક પુરુષાર્થ અને હિંમત.

મિત્રો, "હિંમતે મર્દા તો મદદે ખુદા" આ કહેવતને જીવનમાં અપનાવી પુરુષાર્થરત બનો. પછી જુવો કે–સફળતા તમારા ચરણ ચૂમે છે કે નહીં.



### શ્રી શ્રી મા આનંદમયીના જીવનના

# પ્રેરક પ્રસંગો

સંકલન : ઝિંઝુવાડીયા કનૈયાલાલ

## હસ્તાક્ષર

નિર્મળાસુંદરી (આનંદમયી માનું નામ નિર્મળાસુંદરી હતું)ના હસ્તાક્ષરોમાં પણ ચમત્કાર સર્જાતો હતો. ક્યારેક એ બહુ જ સુંદર મરોડવાળા અક્ષર લખતી. તે એટલાં બધા નયનરમ્ય લાગતા કે જોયાં જ કરીએ. કોઇ વાર તેના અક્ષર અતિશય ખરાબ લખાતા હતા. એકવાર આનંદમયી માએ ત્યારના પોતાના અક્ષરો વિષે આમ કહ્યું હતું–"જુઓ, આ હાથના લખાણ તમે કેટલાયે પ્રકાર-ના જોયાં છે. સારા–નરસા, સુવાચ્ય–અવાચ્ય, ખૂબસુરત–બદ-સુરત. એનું કારણ એ છે કે આ શરીરની એક ફોઇ હતી. એનું નામ હતું કુમુદિની. એનું લખાણ જોઇ મારા મનમાં એના જેવા જ અક્ષર લખવાની ઇચ્છા થઇ. હું લખવા બેઠી. ખરેખર કુમુદિની ફોઇ જેવા જ ઝીણા, સુવાચ્ય, સુંદર અક્ષર મેં લખ્યા. (મા આનંદમયી જ્યારે પણ પોતાની વાત કરતાં ત્યારે 'આ શરીર' શબ્દનો પ્રયોગ કરતાં એટલે કે આત્મા શરીરથી પર છે તેને અને આ પંચભૂતની કાયાને, કાંઇ જ, લેવાદેવા નથી. એ જ પ્રમાણે પૂ. શ્રી મોટા પોતાની જાત વિષે 'આ જીવ' શબ્દનો પ્રયોગ કરતા) પછી પિતાજીના અક્ષરોનો વિચાર મનમાં આવ્યો. હું તેવા અક્ષર કાઢવા બેઠી. આશ્ચર્ય એ કે પિતાજીના જેવા જ અક્ષર મારાથી લખાયા. પછી કોઇક વાર એવો પણ વિચાર આવતો કે છાપાના જેવા અક્ષર લખું તો કેવું સારું ! તમને નવાઇ લાગશે કે છાપાના જેવા જ એક સરખા સુંદર અક્ષર મેં લખ્યા. નાની હતી ત્યારે હું

એકલી ઓરડામાં બેસીને આવી રીતે જાતજાતના હસ્તાક્ષર લખ્યા કરતી. મારાથી ધાર્યા અક્ષર લખાતા. પણ હવે બધું સમજાઇ ગયું છે કે શું લખવું? શું વાંચવું? વિદ્વત્તા એટલે શું?'' આમ કહી મા ખૂબ હસ્યાં. માના આ હાસ્યમાં ગૂઢાર્થ હતો. માએ સાધનાની શરૂઆતથી જ પોતાના હાથે પત્રો લખવાનું કે બીજું કંઇ પણ લિપિબદ્ધ કરવાનું સદંતર બંધ કર્યું હતું. કોઇક પાસે એ લખાવતાં. પત્રો પણ વંચાવતાં અને ઉત્તર લખાવતાં. પોતાના હસ્તાક્ષરની માગણી વખતે મા કેવળ ટપકું કરી આપતાં. કશું લખતાં નહિ.

### પરમજ્ઞાન

ઓછું ભણેલી નિર્મળામાં 'પરમજ્ઞાન' પ્રગટયું હતું એ વાત ભૂલાવી ન જોઇએ. 'પરમજ્ઞાન' પ્રાપ્તિમાં યુનિવર્સિટીઓની પદવીઓ કે પોથીઓનું પાંડિત્ય કશા કામનું રહેતું નથી. 'પરમજ્ઞાન' અને પાંડિત્યને કાંઇ લેવા–દેવા નથી. નાની નિર્મળા આંતરિક પ્રજ્ઞાના પ્રકાશથી જે ઉદ્‌ગાર પ્રગટ કરતી તેની મીમાંસા ભલભલા વિદ્વાનો કરી શકતા ન હતા. એ તો બ્રહ્મજ્ઞાની હતી. પરાવિદ્યામાં પ્રવીણ હતી. એને ભણવાનું, પોથીઓ વાંચવાનું, પદવીઓ લેવાનું હોય? નિર્મળાની 'તત્ત્વ' વિષેની અભિવ્યક્તિ કોઇ ઉપનિષદના દ્રષ્ટા કે વેદોના સ્રષ્ટા જેવી હતી. જ્ઞાન, જ્ઞાતા અને જ્ઞેય–આ ત્રણેની એકરૂપતા, અદ્વિતીયતાની જે વાત શ્રીમદ્ ભગવદ્‌ગીતાએ કરી છે તેનો સાક્ષાત્કાર આ સર્વેશ્વરીમાં દ્રષ્ટિગોચર થતો હતો.

### અભય નિર્મળા

જન્મથી જ નિર્મળમાં અભયનો ગુણ હતો. એ કોઇનાથી બીતી નહિ. કોઇ પણ હસ્તી એને હલાવી શકતી ન હતી. 'ભય' શું કહેવાય એની એને ખબર જ ન હતી. તે સદા ભયમુક્ત દશામાં રહેતી.



એક વાર નિર્મળા પોતાના મોસાળ સુલતાનપુરમાં સાંજના ફરવા નીકળી. સાથે સખીઓ પણ હતી. એ સૌ ગામના પાદરે ગઇ. ખેતરોમાં આમતેમ ફરી. વહાલી દીકરીઓને જોઇ ગામના ખેડૂતોએ તેમને બોલાવી, કંઇક ખાવાનું આપ્યું અને પાણી પાઇ વિદાય કરી. એ બાળાઓ હસતી રમતી ગામ ભણી ચાલી. ગામના ભાગોળે એક કાચી સડક હતી. અલક મલકની વાતો કરતી, ગીતો ગાતી સૌ ત્યાં ગઇ. એટલામાં ત્યાં ગાયોનું ધણ દોડતું દોડતું આવ્યું. છોકરીઓ ગભરાઇ ગઇ. સડક મૂકી ઉપર ખેતરોમાં એ તો દોડી ગઇ. ફક્ત એકલી નિર્મળા સડકની વચ્ચો–વચ્ચ ઊભી રહી. ગાયો દોડીને એની પાસે આવી. પણ નિર્મળા જરાયે ડર્યા વગર ત્યાં જ ઊભી રહી. નિર્મળાએ પ્રેમપૂર્વક ગાયોને પંપાળી, મીઠા શબ્દો વડે બોલાવી. ગાયો તો દ્રવિત થઇ ગઇ, પાણી પાણી થઇ ગઇ. જાણે પાળેલી હોય તેમ પોતાનાં માથાં નમાવી ઊભી રહી. ત્યારબાદ નિર્મળાના કહેવાથી એ ચાલી ગઇ. આ દ્રશ્ય જોઇ નિર્મળાનો સખી સમુદાય અભિભૂત થઇ ગયો!

### વૃક્ષો સાથે વાતચીત

સુલતાનપુરની જ આ ઘટના છે. સખી–સમુદાય સાથે ખેતરોમાં આંટા મારી નિર્મળા વનરાજિમાં પ્રવેશી. ત્યાં જાતજાતના મોટાં, ઊંચા–નીચાં, લીલાં–સૂક્કાં ઝાડ હતાં. એક વૃક્ષસમૂહ પાસે નિર્મળા આવીને અટકી અને ન સમજાય એવી રીતે એ વરતવા લાગી. એણે વૃક્ષો સાથે વાતો કરી, તેમનો સ્પર્શ કર્યો, વારંવાર માથું હલાવ્યું, હસી, ગંભીર થઇ અને વળી મૌન રહી. સખીઓ સમજી ગઇ કે નિર્મળા વૃક્ષો સાથે વાર્તાલાપ કરે છે. મનુષ્ય જાતિની જેમ વૃક્ષાવલી સાથે એનો નિકટનો નાતો છે અને તેથી જ તેમની સાથે એક થઇ સંવાદ કરે છે. એ બહેનોને એવું પણ લાગ્યું કે વૃક્ષો પ્રત્યુત્તર વાળે છે. ત્યારબાદ ઘર ભણી ચાલતાં

બહેનપણીઓએ નિર્મળાને વૃક્ષો સાથેની વાતચીત અંગે પૂછ્યું. નિર્મળાએ ફક્ત એટલું કહ્યું કે એ વૃક્ષો જીવિત છે. તેમાનાં કેટલાક તો પૂર્વજન્મનાં સાધુ–સંત છે. આ જન્મે વૃક્ષ થયા છે. તેમણે મને બોલાવી હતી. તેમણે મને પોતાની વાત કરી. સખીઓને નિર્મળાની વાતમાં કાંઇ ગમ પડી નહિ. તેઓ મોં ફાડી નિર્મળાની વાત સાંભળી રહી.

**કૂતરાં**

આ પ્રસંગ ખેવડાનો છે. એક વાર નિર્મળા ગામની છોકરીઓ સાથે તળાવે પાણી ભરવા ગઇ. સાંજનો સમય હતો. રસ્તામાં કૂતરાં ભેગાં થઇ ગયાં. એ લડવા લાગ્યાં, ભસવા લાગ્યાં. બધી છોકરીઓ કૂતરાંની કરડવાની બીકે આમતેમ ભાગી ગઇ. પણ નિર્મળા તો એ લડતાં–ભસતાં કૂતરાંની પાસે ગઇ. એકીટશે તેમને જોવા લાગી. કૂતરાં શાંત બની ઊભાં રહ્યાં અને આજ્ઞાંકિત સેવકની જેમ નિર્મળાને નમી પડયાં. નિર્મળા તેમને પાળેલાં હોય તેમ પંપાળવા લાગી. પછી ખડખડાટ હસી અને આગળ વધી. કૂતરાં વિખેરાઇ ગયાં. નિર્મળાનું સખીવૃંદ સમીપ આવ્યું. સૌ સાથે મળી ઘેર ગયાં પણ નિર્મળા અને પેલાં કૂતરાંના સંબંધનું રહસ્ય એ સખીઓ સમજી ન શકી અને નિર્મળા પણ સમજાવી ન શકી.

**મધુર કંઠ**

નિર્મળાના પિતા બિપિનબિહારી ભટ્ટાચાર્ય ઉત્તમ ભજનિક હતા. પ્રભાવશાળી ગાયક હતા. તેમના મધુર કંઠનો વારસો નિર્મળાને મળ્યો હતો. એ પણ મધુર કંઠે પિતાનાં ભક્તિ ગીતો ગાતી. માતા મોક્ષદાસુંદરી ભક્તિગીત રચતાં. એ ગીતો બિપિનબિહારી અને નિર્મળા ઘણી વાર ગાતાં અને ભાવ–વિભોર થઇ જતાં. આમ નિર્મળાને કુટુંબમાં ધર્મના સંસ્કારની સાથે સંગીતનો વારસો પણ પ્રાપ્ત થયો હતો. જન્મ–પરંપરાગત અને કૌટુંબિક



સંસ્કારોથી પરિપુષ્ટ થયેલું એમનું માનસ જોતજોતામાં આધ્યાત્મિક ક્ષેત્રે અસાધારણ કાર્યો કરવાની ક્ષમતા ધરાવતું થઇ ગયું હતું. આમાં સજ્જ થવા એમને ન હતી સાધનાની આવશ્યકતા કે ન હતી કોઇ પણ પ્રકારના ગુરુની જરૂરિયાત. પોતે પોતાની ગુરુ બની અને પોતે જ પોતાની શિષ્ય બની.

જપ, તપ, પૂજા, પ્રાર્થના, ધ્યાન, ધારણા બધું એનાથી સહેજે થવા લાગ્યું. શરૂઆતમાં તો મોક્ષદાસુંદરી નિર્મળાના આવા અસ્વાભાવિક વ્યવહારથી આશ્ચર્ય પામતાં, અકળાતાં હતાં. લોકોની ટીકાથી ગભરાતાં હતાં. પણ એમને કશું કહેતાં ન હતાં. બિપિનબિહારી તો કશામાં માથું મારે એવા હતા જ નહિ. તેઓ સદા પોતાની દુનિયામાં જ મશગૂલ રહેતા. તેથી ઘરમાં કોઇ વિશેષ વિખવાદ ઊભો થતો ન હતો. ઘરનું ગાડું ગબડતું રહેતું.

*** પૂ. માનો કાર્યક્રમ ***

પ. પૂ. મા તા. ૧૬–૧૦–૯૩ થી ૨૪–૧૦–૯૩ નવરાત્રીના દિવસોમાં સ્વર્ગારોહણ અંબાજીમાં દર્શન આપશે. સૂચના : (૧) પૂ. મા નવરાત્રીમાં મૌન રાખશે. (૨) સાધક ભાઇબહેનો લાભ લઇ શકશે. (૩) દરેક સાધક ભાઇબહેનોને ખાસ વિનંતી કે ફૂલહાર, ફળ, મિઠાઇ, ચોકલેટ વગેરે લાવવાની તકલીફ ન લે. (૪) પ. પૂ. માને વ્યક્તિગત મળવાની અથવા વાત કરવાની ચેષ્ટા ન કરવા વિનંતી. સાધકોએ જમવા–ઉતરવાની વ્યવસ્થા પોતાની રીતે કરવાની રહેશે.

–મંત્રી

# મૌનનો મહિમા

મા સર્વેશ્વરી

## અજમાવી–અનુભવી જુઓ.

[આ પત્ર વિદેશમાં પૂ. માએ ગુરુપૂર્ણિમાના પર્વે તેઓના દર્શને આવેલ સાધકોને ઉદ્દેશી લખેલો. તે સહુને ઉપયોગી હોઇ અધ્યાત્મમાં મૂક્યો છે. —તંત્રી]

* મૌન એ આત્માની પ્રાર્થના છે.
* ભક્તનું મૌન પરમાત્મામાં એકત્વનું સૂચક છે.
* માતાનું મૌન સમર્પણનું સંગીત છે.
* જાગ્રત માનવી મૌન રહે છે ને અસમર્થ માનવ પોતાની વાણીના ઘોંઘાટથી વાતાવરણને અશાંત કરે છે.

**સંતપ્રેમી સાધક ભાઇબેનો,**

મૌન એકાંતના મંગલ પ્રસંગે આપ સૌને પત્રથી મળવા આવી રહ્યાં છીએ.

અમારા જીવનમાં મૌનની સાધના ૧૯૭૨ થી શ્રી હરિૐ આશ્રમમાંથી શરૂ થઇ. દરવરસે વેકેશનમાં ત્યાં મહિના સુધી મૌનમાં બંધ બારણે માતાપિતાના આશીર્વાદ ને સહયોગથી મૌનની મસ્તી માણતાં રહ્યાં. અર્ધ્ય ભજન સંગ્રહનાં ઘણાં પદો ત્યારે જ લખાયાં. સાત વરસ સુધી દર વર્ષે એ સાધના થતી રહી.

ત્યારપછી ૧૯૭૯ થી ૧૯૮૪ સુધી પૂ. શ્રીના સાંનિધ્યે સોમ, ગુરુ, અગિયારસે મૌન રાખવાના નિયમો પાળી શકાયા.

૧૯૮૪ થી ૧૯૮૮ સુધી હરિદ્વાર, અંબાજી, અમદાવાદ, વડોદરા, ભાવનગર, કપૂરા, મોરબી જેવાં વિવિધ સ્થળોએ મૌન એકાંતની સાધના નવરાત્રી અને ૧, ૧ મહિના માટે થતી રહી.



૧૯૮૮ થી વિદેશમાં દર વરસે બીલોક્ષી, એલ. એ, ન્યુજર્સી, કેનેડામાં પણ નિયમ પ્રમાણે મૌન એકાંતની મસ્તી માણવા મળી.

૧૯૯૩ માં અમે ૫૦ મા વરસમાં પ્રવેશ કર્યો. અમારા આયુષ્યના એ મંગલ પ્રસંગને અમે ૯૦ દિવસના મૌન એકાંતથી ઉજવવાનો નિર્ણય પૂ. શ્રીના આશીર્વાદથી કર્યો, અને પૂ. શ્રીની કૃપાથી એ મંગલ ઉત્સવ ૯૦ દિવસનું મૌન હવે થોડા જ વખતમાં પૂર્ણ થશે.

વિદેશના આ મૌન એકાંતના મંગલ મહોત્સવમાં શ્રી વિનોદ-ભાઇનો સરોજબેનનો તથા ત્રણે બાળકોનો સર્વોત્તમ સહયોગ, શ્રદ્ધા, ભક્તિ, સમજશક્તિ, ઉદારતા વગેરેએ ઘણો મહત્ત્વનો ભાગ ભજવ્યો. તેથી સૌ પ્રથમ તો તેઓ સર્વે અભિનંદનના અધિકારી છે. અમારા મૌન એકાંતને સફળ બનાવતી દરેક સૂચનાનો એમણે તનમનધનથી અમલ કર્યો. તેમની શુભેચ્છા ને સહયોગથી મૌનનો મહોત્સવ સફળ રહ્યો.

વળી તેમાં તમે સૌએ પણ સહકાર ધર્યો છે. ફોન, પત્ર કે રૂબરૂ આવી હઠાગ્રહ કરી મૌનએકાંતને ખલેલ નથી પહોંચાડી. તે બદલ તમને સૌને પણ ખૂબ ખૂબ ધન્યવાદ.

ગુરુપૂર્ણિમાએ તમે સૌ સાચા ભક્ત બનીને, કષ્ટ વેઠીને, કામ છોડીને અહીં આવી સદ્‌ગુરુ ભગવાનને પ્રણામ કરી શક્યા, તે પણ એક પ્રકારનો, તમારા સૌની હાજરીથી જાણે પ્રત્યક્ષ પધારી તમે અમારા મૌનના મહોત્સવને વધાવી લીધો. જે જે અહીં પ્રત્યક્ષ પધાર્યા તે તે નાનામોટા સૌ બાળકોને અભિનંદન, સૌનો આભાર.

મૌનએકાંતનો આવો જ બીજો પ્રયોગ થોડા જ સમયમાં ફરીથી શરૂ કરવાની ધારણા છે, કારણ આયુષ્યનું ૫૦ મું વરસ આજ રીતે ઉજવવું ઉત્તમ છે. ફરી આ પ્રયોગ થશે ત્યારે પણ તમે સૌ આવો જ સહકાર આપશો એવી પ્રાર્થના કરું છું.

મૌનએકાંતની મસ્તી ને શાંતિ અલૌકિક હોય છે. તમે પણ અઠવાડિયે ૧ દિવસ કે રોજ ૧ કલાક મૌનવ્રત લઇ તો જુઓ. અનુભવે અમે કહીયે છીએ કે ખૂબ આનંદ આવશે, વિચારજો. જરૂર વિચારજો.

ફરી ફરી સૌનો આભાર. સૌને ધન્યવાદ. સૌ પ્રભુના આશીર્વાદ પામો એવી પ્રાર્થના સાથે.. – **શ્રી યોગેશ્વર ચરણરજ સર્વેશ્વરી.**

*** મહર્ષિનો સાચો માતૃપ્રેમ ***

રમણ મહર્ષિએ માતાની સ્મૃતિ માટે આશ્રમમાં માતૃ–ભૂતેશ્વર મંદિરની રચના કરી છે. તે તેમનો માતા પ્રત્યેનો પ્રેમ બતાવી આપે છે. એટલે માતા પ્રત્યેનો પ્રેમ તો તેમના હૃદયમાં હતો જ, પણ મોહ ન હતો. મૃત્યુનો શોક ન હતો. તેથી તેમણે નાહક વિષાદ ના કર્યો. મહાપુરુષોનાં જીવન જ બીજાને સારું શિક્ષારૂપ છે. સાધારણ માણસોએ પણ મૃત્યુથી પ્રભાવિત ને શોકિત ના થવાની શક્તિ કેળવવી જોઇએ.

રોવા ને કૂટવાની પ્રથા આપણે ત્યાં સર્વ–સાધારણ જેવી થઇ ગઇ છે ને માણસોને તેમાં ગૌરવ અને આનંદ લાગે છે. કેટલીક સ્ત્રીઓ તો રોવામાં ને વિવિધ રીતે છાતી કુટવામાં નિષ્ણાત જેવી કે સિદ્ધહસ્ત મનાય છે, ને તેમની હાજરીમાં ઓર રંગ જામે છે. મૃત્યુનાં ગંભીર ને પ્રેરણાત્મક પ્રસંગને આપણે કેવું વિચિત્ર સ્વરૂપ આપી દીધું છે તે આ બધી વાતો પરથી સહેજે જાણવા મળે છે.



# રામકથા

( ગતાંકથી ચાલુ) **યોગેશ્વરજી**

(શ્રી યોગેશ્વરજીની સિદ્ધ કલમે આલેખાયેલ રામકથા)

એ રાજપ્રાસાદના એક એકાંત આકર્ષક ખંડમાં એક સુકલકડી, શોકમગ્ના, સુકુમારી બેઠેલી.

ત્યાં જઇને એ અટકી ગયું ને બોલ્યું : 'ઓહો, આ તો ઊર્મિલા !'

'ઊર્મિલા, તું આનંદમાં તો છે ને?' એણે પ્રશ્ન કર્યો.

'આનંદમાં?' ઊર્મિલાએ જાણે કે ઉત્તર આપ્યો : 'મને આનંદ હોઇ શકે જ કેવી રીતે? તમે અયોધ્યામાંથી વિદાય થયા છો ત્યારથી હું વેદનાના પાવકથી પ્રજ્વલિત બની રહી છું. તમારા વિના મને આનંદ, સુખ કે શાંતિ હોય જ કેવી રીતે? એ સંબંધી શંકા હોય કે સંપૂર્ણપણે ના સમજાતું હોય તો રામને જ પૂછી જુઓ ને! એમની જ અવસ્થા કેટલી બધી કરુણ છે? પૃથ્વી પરના બધાં જ પ્રેમીજનોનું લગભગ એવું હોય છે. મિલન એમને માટે મહોત્સવરૂપ બને છે અને વિરહ મૃત્યુની અમંગલ આવૃત્તિરૂપ ઠરે છે. જ્યાં જોઇએ ત્યાં, લગભગ બધે, એજ સનાતન સિદ્ધાંત કામ કરે છે.'

'એ વાત યથાર્થ લાગે છે, કારણ કે રામ પણ સીતાના વિરહથી શોકિત છે. એકલાં શોકિત નહિ પરંતુ શોકાતુર સીતાના વિરહની વેદનાથી એ કેટલીકવાર તો અત્યંત અધીર અને વ્યગ્ર બની જાય છે.'

'અને તમે? તમારી અવસ્થા કેવી છે? તમારા પર મારા વિયોગની અસર જરા પણ નથી થઇ?'

'ના કેમ થાય? મારા પર તારા વિયોગની જરા પણ અસર નથી થઇ એવું તો કેવી રીતે કહી શકાય? અસર થઇ છે. મારું હૃદય પણ રડે છે તો ખરું જ. પરંતુ એ રુદન સૂક્ષ્મ છે અને અંદરનું છે. બહારનું નથી. આપણા વિરહમાં અને રામ તથા સીતાના વિરહમાં ફેર છે. આપણે એકમેકની અનુમતિથી, સમજીને છૂટાં પડયાં છીએ અને એમને એકાએક, બળજબરીથી છૂટાં પાડવામાં આવ્યાં છે. એમને તો એકમેકને મળવાને કે એકમેકની અનુજ્ઞા લેવાનો સમય જ નથી મળ્યો. એટલે આપણે વિરહને

વધાવી લીધો છે, શાંતિથી સહ્યો છે, અને એ એને વધાવી કે સહી નથી શક્યાં.'

'છતાં પણ વિરહ છે તો આશીર્વાદ રૂપ જ.'

'એ તો મને પણ એવું જ લાગે છે. પરંતુ તું ખૂબ જ સૂકાઇ ગઇ છે, ઊર્મિલા!'

'સૂકાઇ ના જાઉં તો શું જાડી થાઉં? તમારાથી દૂર રહીને હૃષ્ટપુષ્ટ થાઉં? સૂકાયા તો તમે પણ ક્યાં નથી? તમારા મુખ પર પણ એટલો બધો આનંદ ક્યાં દેખાય છે?

'એ તો વિયોગ ઇચ્છાપૂર્વકનો હોય કે અનિચ્છાપૂર્વકનો, પરંતુ પોતાનો પ્રભાવ તો પાડે જ. વધુમાં રામ મારા જીવન અથવા પ્રાણ જેવા છે, એટલે એમના વિષાદની અસરથી મારાથી તદ્દન મુક્ત કેવી રીતે રહી શકાય?'

લક્ષ્મણની આંખ ભરાઇ ગઇ.

એમાંથી ત્રણચાર અશ્રુબિંદુ ટપકી પડયાં.

ઊર્મિલાની અવસ્થા પણ અતિશય કરુણ બની ગઇ.

એ લક્ષ્મણને સાંત્વન આપવા લાગી.

એ જ વખતે રામનો શાંત છતાં વેદનામિશ્રિત સ્વર સંભળાયો : 'લક્ષ્મણ, મને અત્યારે એકાએક ઊર્મિલાનું સ્મરણ થઇ આવે છે.'

'ઊર્મિલાનું?' લક્ષ્મણે ચમકીને પૂછ્યું.

એનું મન અયોધ્યાના રમણીય રાજપ્રાસાદનો પરિત્યાગ કરીને પાછું પંપા સરોવરના શાંત સુંદર વાતાવરણમાં આવી પહોંચ્યું.

અયોધ્યા અને પંપા સરોવરના પાવન પ્રદેશ વચ્ચે હજારો માઇલોનું અંતર હતું, પરંતુ મનને એ અંતર કાપતાં કેટલી વાર લાગે? સૂર્યના કોમળ કિરણને સૂર્યમંડળ છોડીને પૃથ્વી પર આવતાં જેટલી વાર લાગે એથી પણ ઓછી વાર.

લક્ષ્મણે સ્વસ્થ થઇને ફરી પૂછ્યું : 'ઊર્મિલાનું સ્મરણ થાય છે કે સીતાનું?'

સીતાનું સ્મરણ તો થાય છે જ.' રામે સ્પષ્ટીકરણ કર્યું : 'એનું સ્મરણ તો સતત થયા કરે છે. છાયા જેમ શરીરને છોડીને જાય નહિ તેમ એ મારો ત્યાગ નથી કરતું. પરંતુ એની સાથે સાથે આજે મને એકાએક ઊર્મિલાનું સ્મરણ થઇ રહ્યું છે.'

( ક્રમશઃ )

## * હિંસા એટલે શું *

હિંસા એટલે કોઇને મારવું કે કોઇનો નાશ કરવો એમ જ નથી. મન, વાણી ને કાયાથી કોઇનું બૂરું કરવું કે કોઇને ઇજા પહોંચાડવી, એ પણ હિંસા જ છે. એટલા માટે માણસે પોતાના વિચારોને પવિત્ર રાખવા જોઇએ. કોઇનું પણ અહિત થાય તેના વિચારો તેણે કરવા જોઇએ નહિ. એવી ભાવના ને લાગણીને વશ થવું જોઇએ નહિ કે જેને લીધે પોતાનું તથા બીજાનું અમંગલ કે પતન થાય. વાણીમાં પણ તેણે પવિત્ર થવું જોઇએ. સત્ય, પ્રિય ને મધુર તથા મંગલકારક વાણીનું તેણે સેવન કરવું જોઇએ. શારીરિક હિંસાથી તો તેણે પર રહેવું જ જોઇએ. શરીર, વાણી ને મનની ગુલામી ઘણી ઘાતક છે. તેમાં તેણે એટલી હદે બંધાવું જોઇએ નહિ કે તે સાચો માર્ગ ભૂલી જાય, માનવતાથી હાથ ધોઇ બેસે, તે પતનની ગર્તામાં પટકાઇ જાય. શરીર, વાણી ને મનની શક્તિઓનો યોગ્ય ઉપયોગ કરીને તેણે પોતાની જાતની ઉન્નતિ ને પરમાત્માની પ્રાપ્તિ માટે પ્રયાસ કરવો જોઇએ. પોતાની મારફત કોઇને કોઇપણ પ્રકારનો ક્લેશ થાય નહિ, તેને માટે માણસે તૈયાર રહેવાનું છે. તે ઉપરાંત કોઇનું શોષણ ના કરાય, કોઇના પર જોરજુલમ કે અત્યાચાર થાય નહિ, ને કોઇને કોઇ જાતનો અન્યાય થાય નહિ, તે માટે પણ તેણે ચેતતા રહેવાનું છે. અહિંસાનું પાલન એ રીતે જ થઇ શકે. માનવનું સમગ્ર જીવન જ એવું સરલ, નિષ્કપટ ને પ્રેમમય બની જવું જોઇએ કે તેનાથી ભૂલેચૂકે પણ કોઇનું અહિત થાય નહિ.

યોગેશ્વરજી

ADHYATMA Regd. No. GBV 113

# * પોતાના વ્યક્તિગત અનુભવને વધુ મહત્ત્વ *

સાધકની અંદર શ્રદ્ધા ને પ્રેમ જાગી જાય, તો પોતાની સાધના માટે ભલે ને તે કોઈ એવો માર્ગ અખત્યાર કરે જે તેની પહેલાંના શાસ્ત્રોના માર્ગ સાથે મેળ ખાતો નહિ હોય, છતાંપણ તે જરૂર સફળ થશે. તેની સાધના માનને પાત્ર જ ગણાશે. શાસ્ત્રીય પદ્ધતિ સાથે તેની સાધના બરાબર બંધ બેસતી નહિ હોય તો પણ, તેની નિષ્ઠા વિશે શંકાશીલ બનવાની જરૂર નથી. શાસ્ત્રો મહાપુરુષોના અનુભવના નીચોડરૂપ છે. તેમની કેટલીક વાતો સર્વ સામાન્ય હોય છે. પણ મહાપુરુષો સંસારમાં કાયમને માટે થયા જ કરવાના ને પોતપોતાને યોગ્ય લાગે તે માર્ગે વિકાસ કરતા રહેવાના. તેમનો વિકાસ શાસ્ત્રોમાં કહેલી એક જ પદ્ધતિનો હોવો જોઈએ એવો દુરાગ્રહ આપણે શા માટે રાખીએ? માણસ સ્વતંત્ર છે. તેને વિકાસ કરવાની ને તે માટેની સાધનાની પસંદગી કરવાની સંપૂર્ણ સ્વતંત્રતા હોવી જોઈએ. પહેલેથી તેને અમુક રૂઢિ, શાસ્ત્ર કે વિધિના બંધનમાં બાંધી દેવાની જરૂર નથી. શાસ્ત્રની વિધિમાં ઉમેરો કે સુધારો કરવાની છૂટ પણ તેને હોવી જોઈએ. સાથે સાથે પોતાના સ્વતંત્ર અનુભવનું શાસ્ત્ર રચવાની સ્વતંત્રતા તેને આપવામાં આવે તો પણ કશી હરકત નથી. એનો અર્થ એમ નથી કે પોતાની પહેલાંના મહાપુરુષોનો જે અનુભવ વારસો તેને સહજ રીતે મળી ચૂક્યો છે તેની તે ઉપેક્ષા કરે અથવા તેનો લાભ લે નહિ. તેનો લાભ તે જરૂર લે. પણ વધારે મહત્ત્વ પોતાના વ્યક્તિગત અનુભવને આપે.

યોગેશ્વરજી

પ્રાપ્તિસ્થાનઃ—પ્લોટ નં. ૧૬૮૮ બી. સરદારનગર, ભાવનગર—૧.
રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, હરિયાળા પ્લોટ, બોરડીગેટ, ભાવનગર—૧